Jain Dharma Vikas (Monthly) Regd No. B. 4494

# ॐ જૈન ધર્મ વિકાસ

પુસ્તક ૩ જું.] ભાદ્રપદ: વીર સંવત ૨૪૬૯. [અંક ૧૧



તંત્રી અને પ્રકાશક:
ભોગીલાલ સાંકળચંદ શેઠ.

પંચાંગ.

આસો

સુદિ ૯ ક્ષય

| તિથિ | વાર | તારીખ |
|---|---|---|
| સુ૧ | ગુરૂ | ૩૦ |
| ૨ | શુક્ર | ×૧ |
| ૩ | શનિ | ૨ |
| ૪ | રવિ | ૩ |
| ૫ | સોમ | ૪ |
| ૬ | મંગળ | ૫ |
| ૭ | બુધ | ૬ |
| ૮ | ગુરૂ | ૭ |
| ૧૦ | શુક્ર | ૮ |
| ૧૧ | શનિ | ૯ |
| ૧૨ | રવિ | ૧૦ |
| ૧૩ | સોમ | ૧૧ |
| ૧૪ | મંગળ | ૧૨ |
| ૧૫ | બુધ | ૧૩ |
| વ૧ | ગુરૂ | ૧૪ |
| ૨ | શુક્ર | ૧૫ |
| ૩ | શનિ | ૧૬ |
| ૪ | રવિ | ૧૭ |
| ૫ | સોમ | ૧૮ |
| ૬ | મંગળ | ૧૯ |
| ૭ | બુધ | ૨૦ |
| ૮ | ગુરૂ | ૨૧ |
| ૯ | શુક્ર | ૨૨ |
| ૧૦ | શનિ | ૨૩ |
| ૧૧ | રવિ | ૨૪ |
| ૧૨ | સોમ | ૨૫ |
| ૧૩ | મંગળ | ૨૬ |
| ૧૪ | બુધ | ૨૭ |
| ૦)) | ગુરૂ | ૨૮ |

×ઓ. ૩૧

## વાર્ષિક લવાજમ.] વિષય–દર્શન. [રૂપિયા, ત્રણ.

## ભાદ્રપદ, વિ. સં. ૧૯૯૯.


| વિષય. | લેખક. | પૃષ્ઠ. |
|---|---|---|
| શ્રીમજ્જગદ્‌ગુરુવિજયહીરસૂરીશ્વરગુણાષ્ટકમ્ | મુનિહેમેન્દ્રસાગર | ૨૪૧ |
| વિજયહીરસૂરિ મહારાજ અને સંઘવ્યવસ્થા | તંત્રી. | ૨૪૨ |
| „ સંક્ષિપ્ત જીવનરેખા. | આચાર્ય શ્રીવિજયપદ્મસૂરિજી | ૨૪૩ |
| ઉદ્ધારક સદ્‌ગુરૂ. | મુનિ હેમેન્દ્રસાગર. | ૨૪૬ |
| ભગવાન હીરવિજયસૂરિ. | „ | ૨૪૭ |
| યુગપ્રધાન જગદ્‌ગુરૂ વિજયહીરસૂરિજી. | મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી | ૨૪૯ |
| નેમિનાથ જિન સ્તવન. | | ૨૫૧ |
| આવતી ચોવિશીમાં કયા ભવ્યાત્માના જીવો તીર્થંકરો થશે તેના નામો. | મુમુક્ષુ | ૨૫૨ |
| ધર્મની કરવાની આવશ્યકતા, અને તેથી થતો દુઃખક્ષય. | „ | ૨૫૩ |
| જૈન જ્યોતિષ સંબંધી કાંઈક. | મુનિરાજશ્રી આણંદવિજયજી | ૨૫૫ |
| ત્રણ વસ્તુનો અજબ ચમત્કાર. | કવિરાજ બાલચંદ્ર એમ. પંડિત | ૨૫૮ |
| વર્તમાન સમાચાર. | તંત્રી. | ૨૫૯ |


સુદિ ૬ મંગળ આયંબીલ ઓળી પ્રારંભ દીન

સુદિ ૧૫ બુધ શ્રી નમિનાથ ચ્યવન, તથા આયંબિલ ઓળી સમાપ્ત દીન

વદિ ૪ રવી રોહીણી દીન

વદિ ૫ સોમ શ્રી સંભવનાથ કેવલ દીન

વદિ ૧૨ સોમ શ્રી પદ્મપ્રભુ જન્મ અને શ્રી નેમિનાથ ચ્યવન દીન

વદિ ૧૩ મંગળ પદ્મપ્રભુ દીક્ષા અને ધનતેરસ દીન

વદિ ૦)) ગુરૂ દીવાળીપર્વ અને શ્રી મહાવીર સ્વામી નિર્વાણ

દ્વારાઃ–વિજયનીતિસૂરિ જૈન પુસ્તકાલય, ગાંધીરોડ, અદાવાદ.

# જૈનધર્મવિકાસ.

પુસ્તક ૩ જું. ભાદરવો, સં. ૧૯૯૯. અંક ૧૧ મો.

## श्रीमज्जगद्गुरुविजयहीरसूरीश्वरगुणाष्टकम् ॥

ले. मुनिहेमेन्द्रसागर प्रांतीज

ललित–भद्रिकावृत्तम्

विजयहीरकं सूरिपुङ्गवं, भवभयापहं तत्त्वबोधदम् ।
निखिलदेहिनां शान्तिदायकं, स्मृतिपथं नये श्रीजगद्गुरुम् ॥१॥

शिवपथार्थिनं सार्थवाहकं, सकलकामदं कर्महारकम् ।
जिनमताम्बुधौ चश्चदिन्दुकं, स्मृतिपथं नये श्रीजगद्गुरुम् ॥२॥

तपनतेजसं शान्तभावनं, निकटवर्तिनां तापवारकम् ।
करुणयाश्रितं कोमलश्रियं, स्मृतिपथं नये श्रीजगद्गुरुम् ॥३॥

अकबराधिपो बोधितः क्षणात्–शमवताऽवता येन देहिनाम् ।
मुनि गणार्चितं तं तपस्विनं, हृदि विचिन्तये श्रीजगद्गुरुम् ॥४॥

विपदनेकधा दारिताऽऽदराद्–भुवि जना घना येन तारिताः ।
जगति मारणं वारितं तकं, हृदि विचिन्तये श्रीजगद्गुरुम् ॥५॥

वदनवारिजे यस्य भास्वरे, जनमनोऽलयो लीनतामगुः ।
सुरभिसंगतास्तं प्रभाविनं, हृदि विचिन्तये श्रीजगद्गुरुम् ॥६॥

कतिबोधिता भूपतिव्रजाः नयपथाश्रिता येन सूरिणा ।
विमलविद्यया तं मुनीश्वरं, हृदि विचिन्तये श्रीजगद्गुरुम् ॥७॥

वितथवादिनां सत्यवादतो–विजितवान् व्रजं यो बुधाग्रणीः ।
तमजितं जगज्जीवतारकं, हृदि विचिन्तये श्रीजगद्गुरुम् ॥८॥

गुरु गुणाष्टकं हेमवज्रिणा, रचितमद्भुतश्रीप्रदायकम् ।
पठति यो जनः शान्तमानसो–जननमृत्युतोऽसौ विमुच्यते ॥९॥

ભાદરવો સં. ૧૯૯૯ :: જૈન ધર્મવિકાસ :: અંક ૧૧ મો

**તંત્રી સ્થાનેથી**

# વિજયહીરસૂરિ મહારાજ અને સંઘવ્યવસ્થા

ચોવીશ તીર્થંકરોમાં શ્રીપાર્શ્વનાથ ભગવાન્ પુરૂષાદાણી ગણાય છે તેમ સર્વ જૈનાચાર્યોમાં વિજયહીરસૂરિજી મહારાજ પુરૂષાદાણી છે, તેમજ ચોવીશ તીર્થંકર ભગવાનો એક સરખી રીતે પૂજ્ય હોવા છતાં વર્તમાનશાસનમાં ભગવાન મહાવીર નજીકના પરમ ઉપકારી હોવાથી વધુને વધુ પૂજન સેવન અને તેઓના ગુણગ્રામમાં સૌ કોઈ રક્ત રહે છે તેમ સર્વ આચાર્યોમાં નજીકના વર્તમાન જૈનસંઘના પરમ ઉપકારી પુરૂષ હોય તો **જગદ્દગુરૂ *વિજયહીરસૂરીશ્વરજી* મહારાજ** છે.

જૈનસંઘની આદર્શ સંપૂર્ણ વ્યવસ્થા, શૃંખલાબદ્ધ શાસનના સર્વ અંગોનો પૂર્ણ વિચાર આ સર્વ વસ્તુ જગદ્દગુરૂ વિજયહીરસૂરિના શાસનકાળમાં નજરે પડે છે.

અઢી અઢી હજાર મુનિપુંગવો હોવા છતાં તે સર્વનું એક નાયકપણું વધુ દીર્ઘ પર્યાયવાળા દીક્ષિત અને સમર્થ વિદ્વાન્ ગુરૂભાઇઓ પણ જૈના શિષ્યના નામે સંબોધાવામાં લેતા ગૌરવથી મુનિવર્ગ તરફથી મેળવેલો અપૂર્વ પ્રેમ. ગમે તેટલું વિશાળ અને મમત્વવાળું ક્ષેત્ર હોવા છતાં ગુરૂની આજ્ઞા એ આજ્ઞા એ પ્રમાણે વર્તતા વિનયી શ્રમણ સંઘથી મર્યાદાનું પાલન, ગામેગામ અને શહેરે શહેર મુનિવિહાર કે ધર્મપ્રગતિથી વંચિત ન રહે તેવી સતત્ જાગૃતદશા. આ સર્વ જગદ્દગુરૂ વિજયહીરસૂરિજી મહારાજે પોતાના અપૂર્વ ગાંભીર્ય અને શાસનપ્રેમને લઈ મેળવ્યું હતું.

ખુબ જ અંધેર અને જુલ્મી મોગલશાહીના પુર ઉદ્યોત વખતે છછ માસનો અમારિ પડહ, ઘરમાં રહી અનેક રક્ષકો રાખ્યા છતાં હરહંમેશ સલામતીની ચિંતા વખતે કરોડોની સંપત્તિથી જળહળતા તીર્થોનું હરહંમેશ માટે નિરાબાધ સુરક્ષિતપણાના મેળવેલાં ફરમાનો, ઘોર હિંસામાં રાચતા મોગલશહેનશાહના હૃદયમાં દયા અંકુરને પ્રગટાવવો, ઘણા દીર્ઘકાલના ગચ્છ ભેદ અને કજીઆને સમાવી દેવાની કાર્યકુશળતા, સ્વગચ્છના ઉભા થતા કટુ પ્રસંગોને ઉગતાં દબાવી દઇ શાસનને નિરાબાધ રાખવાની શાસન દાઝ, ગામેગામ અને શહેરેશહેર જીનેશ્વર ભગવંતોના બિંબથી જળહળતું કરી સતત ધર્મપ્રેમ જાગૃત રાખવાની જાગૃત ધર્મ દશા. આ બધી સર્વાંગ સુંદર વ્યવસ્થાના સર્જક **જગદ્દગુરુ આચાર્ય વિજય હીરસૂરીશ્વરજી મહારાજ** છે.

આજે જગદ્‌ગુરૂ વિજયહીરસૂરિ મહારાજનો પાર્થિવદેહ ભલે ન હોય પણ વિદ્યમાન ચતુર્વિધ તપાગચ્છ સંઘ તેમનો જ સંતાનીય છે. આજે ભલે માટીમાં મળી જનારી તેમની કાયા ન હોય છતાં ઠેર ઠેર મંદિરોમાં રહેલ તેઓશ્રીથી પ્રતિષ્ઠિત અને અંજનશલાકા કરાયેલ જિનબિમ્બો છે. આજે આપણે તેમની વાસ્તવિક પ્રતિકૃતિના દર્શન ભલે કદાચ ન પામીએ છતાં તેમના અને તેમના સંતાનીયોના હાથે લખાયેલા અપૂર્વ નૂતન ગ્રંથો અને અપૂર્વ ગ્રંથભંડારોનો સંગ્રહ તેમના સાક્ષાત્ કાર્ય પ્રદેશનું આપણને હરહંમેશ દર્શન આપે છે.

આપણે કાંઇ નહિ તો તેમનો આપણને મળેલ સંઘવ્યવસ્થા અને વારસો સાચવીએ તો પણ આપણે ઘણું કર્યું મનાશે.

---

## જગદ્‌ગુરૂ વિજયહીરસૂરીશ્વરજીની
# સંક્ષિપ્ત જીવનરેખા

લેખકઃ—આચાર્ય શ્રીવિજયપદ્મસૂરિજી

અવિચ્છિન્ન પ્રભાવશાલિ ત્રિકાલાબાધિત શ્રીજૈનેન્દ્રશાસનમાં શાસન પ્રભાવક મહાપુરૂષોની નામાવલીમાં જગદ્‌ગુરૂ શ્રીહીરસૂરીશ્વરજીમહારાજને પણ ગણ્યા છે. કારણ કે સત્તરમા સૈકાના પૂર્વાર્ધમાં આ જગદ્‌ગુરૂએ શ્રીજૈનેન્દ્રશાસનની અપૂર્વ સેવા ખરી લાગણીથી બજાવી છે. એમ શ્રીહીરસૌભાગ્યાદિ ગ્રંથોના આધારે આપણે જાણી શકીએ છીએ. જગદ્‌ગુરૂ મહારાજના જીવનમાં બનેલી ઐતિહાસિક ઘટનાઓ [બીના]નું રહસ્ય વિચારતાં હૃદયમાં એજ સદ્‌ભાવના પ્રકટે છે કે—(૧) ઓસવાલ પિતાશ્રી કુરા શેઠ. અને રત્નકુક્ષિણી માતુશ્રી નાથીબાઇને ધન્ય છે કે જેમના કુલમાં આ મહાપુરૂષનો વિ. સં. ૧૫૮૩ માં માગસર સુદ નોમે જન્મ થયો. (૨) પાછલા ભવના શુભ સંસ્કારો પ્રબલ પુણ્યોદયે દૃઢ બન્યા હોય તો જ બાલ્યાવયમાં સંયમની નિર્મલ આરાધના કરવાનો શુભ અવસર સાંપડે છે. જગદ્‌ગુરૂજી પણ એજ કોટિના હતા. કારણકે. તેઓશ્રી વિ. સં. ૧૫૯૬ કા. વ. બીજે તેરવર્ષની ઉંમરે સંસારસાગરને તરવા સુંદર સ્ટીમરના જેવી શ્રીજૈનેન્દ્રી પ્રવ્રજ્યા ગુરૂમહારાજ શ્રીવિજયદાનસૂરિજી મહારાજના હાથે પામ્યા. ગુરૂમહારાજે નામસ્થાપના કરતી વખતે તેઓશ્રીનું નામ મુનિશ્રીહીરહર્ષવિજયજી પાડયું હતું. (૩) જ્ઞાનાવરણીય કર્મનો તીવ્ર ક્ષયોપશમ હોય, તોજ ચિંતામણિ જેવા પ્રખર ન્યાય ગ્રંથોનો અભ્યાસ થઇ શકે. મુનિહીરહર્ષમહારાજ તેવા તીવ્ર ક્ષયોપશમશાલિ હતા. જેને લઈને તેઓશ્રીએ દક્ષિણ દેશમાં આવેલા દેવગિરિમાં ગુરૂભાઇ શ્રી

ધર્મસાગરજીની સાથે ન્યાયશાસ્ત્રોનો અભ્યાસ નૈયાયિક બ્રાહ્મણ પંડિતની પાસે કર્યો. તે ઉપરાંત સ્વગુરૂમહારાજની નિશ્રામાં શ્રીજૈનાગમ વગેરે શાસ્ત્રોનો પણ અભ્યાસ કર્યો, ને સ્વપરશાસ્ત્રોનો યથાર્થ બોધ મેળવવામાં વિજય મેળવ્યો.

દેવગિરિમાં અભ્યાસ પૂર્ણ થયા બાદ બંને ગુરૂ બાંધવો મારવાડમાં શ્રીગુરૂમહારાજની સેવામાં આવ્યા. યોગ્ય જીવની યોગ્ય અવસરે કદર કરવાથી તે જીવ પૂર્ણ ઉત્સાહથી સ્વપર કલ્યાણ કરી શકે આ ઇરાદાથી ગુરૂશ્રી વિજયદાનસૂરિજી મહારાજે જૈનાગમોના યોગોદ્વહનાદિ યથાર્થ ક્રિયા કરાવવા પૂર્વક મુનિહીરહર્ષવિજયજીને નાડલાઇ ( મારવાડના નારદપુર )માં વિ. સં. ૧૬૦૭ માં પંડિત પદ આપ્યું. આથી એમ કહી શકાય કે ૨૪ વર્ષની ઉંમરે તેઓશ્રી પંન્યાસ પદ પામ્યા. અને વિ. સં. ૧૬૦૮ માં તેજ નારદપુર [નાડલાઇ]માં ઉપાધ્યાય પદ આપ્યું, તથા બે વર્ષ પછી એટલે વિ. સ. ૧૬૧૦ માં મા. સુ. દશમે મારવાડના શિરોહી નગરમાં આચાર્યપદે સ્થાપ્યા. આ પ્રસંગે ગુરૂમહારાજે તેમનું મૂલનામ ઉપાધ્યાય હીરહર્ષવિજય ફેરવીને 'આચાર્ય 'વિજયહીરસૂરિ' આ નામ પાડયું. ત્યારથી તેઓશ્રી તે નામથી પ્રસિદ્ધિ પામ્યા. શ્રી જિનેશ્વરદેવે જણાવેલા સાત ક્ષેત્રોમાં વાપરેલી લક્ષ્મી સફલ ગણાય છે એમ સમજીને દૂદારાજાના જૈનમંત્રી સંઘવી ચાંગાએ મહામહોપાધ્યાય શ્રી હીરહર્ષવિજયજીના આચાર્યપદનો મહોત્સવ પૂર્ણ ઉલ્લાસથી કરી ઘણી રીતે શ્રીજૈનેન્દ્ર શાસનની પ્રભાવના કરી હતી. તથા આ પ્રસંગે દૂદારાજાએ પોતાના રાજ્યમાં જીવહિંસાનો નિષેધ કર્યો હતો.

આચાર્યપદનો મહોત્સવ કરનાર ચાંગા સંઘવી-તે રાણકપુર (મારવાડ)માં ધરણ વિહાર નામનું જૈનમંદિર બંધાવનાર સંઘવી ધરણાકની વંશપરંપરામાં થયા હતા. ગુરૂમહારાજશ્રી વિજયદાનસૂરિજીમહારાજ પોતાના પટ્ટધર વિજયહીરસૂરિ આદિ પરિવાર સાથે. સિરોહીથી વિહાર કરી અનુક્રમે પાટણમાં પધાર્યા. આ વખતે અહમદશાહ બીજાનું રાજ્ય ચાલતું હતું. તેણે પઠાણ યવન શેરખાનને પાટણનો સૂબો બનાવ્યો. આ શેરખાનના સચિવ ભણશાલી સમરથ શેઠે હીરસૂરિમહારાજને ગુરૂમહારાજે જે ગચ્છાનુજ્ઞાની ક્રિયા કરાવી. તે પ્રસંગે તેણે મહોત્સવ ધામધૂમ પૂર્વક કર્યો. તથા બીજા પણ શાસનપ્રભાવનાના ઘણાં કાર્યો તે સમરથ શેઠે કરીને પોતાની લક્ષ્મીને સફલ કરી. અહીંથી પરિવાર સાથે દાનસૂરિજી મહારાજ વડાલી પધાર્યા. અહીં સં. ૧૬૨૧ માં સમાધિપૂર્વક તેઓશ્રી સ્વર્ગે પધાર્યા.

હવેથી શ્રી વિ. હીરસૂરિજી મહારાજ તપાગચ્છનાયક થયા. આ સૂરિજીમહારાજ ડીસા વગેરે ગામમાં થઇને અનુક્રમે વિહાર કરતાં સં. ૧૬૨૮ માં જૈનપુરી અમદાવાદમાં પધાર્યા. નિર્મલ બ્રહ્મચર્ય પ્રધાનસંયમ તેજે કરીને દીપતા શ્રીહીરસૂરિમહારાજની દેશના સાંભળીને શ્રી રાજનગરનો સંઘ કૃતાર્થ બન્યો. અહિંના સંઘના આગ્રહથી ગુરૂમહારાજે ફાગણ સુદિ સાતમે જયસોમવાચકને

આચાર્યપદવીથી વિભૂષિત કર્યા. સંઘે આ પ્રસંગે પૂર્ણ ઉલ્લાસથી મહોત્સવાદિશાસન શોભાના કાર્યો કરી શ્રી જૈનેન્દ્રશાસનને દીપાવ્યું.

અહીં બીજો અપૂર્વ બનાવ એ બન્યો કે-લોંકાગચ્છના પચ્ચીસ સાધુના પરિવાર સહિત મેઘજીઋષિએ ગુરૂમહારાજના હાથે દીક્ષા ગ્રહણ કરી. તેમનું નામ ઉદ્યોતવિજયજી પાડ્યું. આ બધાનો દીક્ષા મહોત્સવ અકબર બાદશાહના પ્રીતિપાત્ર શેઠ સ્થાનસિંહે કર્યો હતો. અનુક્રમે વિહાર કરી ગુરૂદેવ ખંભાત પધાર્યા. શ્રીસંઘે અપૂર્વ સામૈયું કર્યું. ગુરૂમહારાજ ધર્મદેશના દઈને ભવ્યજનતાને વિવિધ પ્રકારે ધાર્મિક લાભ દઈ રહ્યા છે આ અરસામાં એટલે સં. ૧૬૩૧ માં ૧૧ જણને એક સાથે દીક્ષા આપી. અનુક્રમે અમદાવાદમાં આવી શ્રી ગુરૂમહારાજે ૧૮ જણને એકી સાથે દીક્ષા આપી. તેમાં સોમવિજય, કીર્ત્તિવિજય, ધનવિજય વગેરે પણ હતા. આચાર્ય શ્રીહીરસૂરિમહારાજે ગ્રામાનુગ્રામ વિહાર કરી ધર્મદેશના દઈને ઘણાં ભવ્યજીવોને શ્રીભાગવતીદીક્ષાના આરાધક બનાવ્યા હતા. તેઓશ્રીના વિશાલ સાધુસમુદાયમાં શ્રી વિજયસેનસૂરિજી, શાંતિચંદ્ર, ભાનુચંદ્ર, ઉ. ધર્મસાગરજી. ઉ. જ્ઞાનસાગરજી, ઉ. વિનયવિજયજી, ઉ. યશોવિજયજી. વગેરે મહાપુરૂષો ન્યાયવ્યાકરણાદિ સ્વપરશાસ્ત્રોના જાણકાર હતા. તેઓશ્રીના ઉપદેશથી ઘણાં ભવ્ય શ્રાવકોએ સાતે ક્ષેત્રોમાં લક્ષ્મીનો સદુપયોગ કરી માનવજીંદગી સફલ કરી હતી. તેઓશ્રીએ ઘણે ઠેકાણે હજારો જિનબિંબોની અંજનશલાકા કરાવી હતી. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજે જેમ કુમારપાલરાજાને પ્રતિબોધી જીવદયાનો પ્રચાર વગેરે ધાર્મિક કાર્યો કરાવ્યાં તેમ શ્રી હીરસૂરિમહારાજે પણ અકબરબાદશાહને પ્રતિબોધી શ્રીશત્રુંજયાદિ તીર્થોની વિવિધ પ્રકારે પ્રભાવના કરી હતી. તથા બાદશાહને દયારંગી બનાવી તેની મારફત ઘણાં સ્થળે અહિંસા ધર્મ ફેલાવ્યો હતો. હીરસૂરિજીમહારાજના સદ્ગુણો જોઈને રાજી થયેલા બાદશાહે વિ. સં. ૧૬૪૨ માં જગદ્ગુરૂપદ આપ્યું. આવા અપ્રતિબદ્ધ વિહારી અકબર પાદશાહ પ્રતિબોધક, મહાપ્રભાવશાલી શ્રી હીરસૂરિજી મહારાજનું જીવન વૃત્તાંત નીચે જણાવેલા ગ્રંથોમાં જણાવ્યું છે.

૧. જગદ્ગુરૂ કાવ્ય સંસ્કૃત. રચના સંવત ૧૬૪૬ આ કાવ્ય પદ્મસાગરજીએ માંગરોળમાં બનાવી સૂરિજી મહારાજની ઉપર મોકલાવ્યું છે. તેમાં સૂરિજી મહારાજ બાદશાહ અકબરને છેલ્લો ધર્મોપદેશ આપી અનુક્રમે વિહાર કરી ગુજરાતમાં પધાર્યા. આ મુખ્ય બીના તરફ લક્ષ્ય રાખીને બીજી પ્રાસંગિક ઘણી બીના જણાવી છે.

૨. વિ, સં. ૧૬૪૮ માં ઉ૦ ધર્મસાગરજીએ બનાવેલી તપગચ્છ પટ્ટાવલી ૩. શાંતિચંદ્ર ઉ૦ કૃત કૃપારસકોશ ૪. દેવવિમલ કૃત હીરસૌભાગ્ય મહાકાવ્ય સ્વોપજ્ઞ ટીકા સહિત ૫. શ્રીહેમવિજયગણિકૃત વિજયપ્રશસ્તિ (૧૬ સર્ગ) સંસ્કૃત તેની ઉપર ટીકાકાર ગુણવિજયજી સં. ૧૬૮૮ માં–

ગુજરાતી ભાષાના રાસ વગેરે

૧ લાભોદય રાસ કર્તા દયાકુશલજી રચના સં. ૧૬૪૯માં. ૨ સં. ૧૬૫૧માં કૃષ્ણદાસે દુર્જનશાલબાવની. ૩ વિવેકહર્ષે

સં. ૧૬૫૨માં હીરસૂરિજીનો નાનો રાસ બનાવ્યો. ૪ કુંવરવિજયજીએ શલોકો બનાવ્યો. ૫ વિદ્યાનંદકૃત સલોકો ૬ શ્રીજયવિજયજીએ 'પુણ્યખાનિ' રચી વગેરે ૭ કવિ ઋષભદાસે વિ. સં. ૧૬૮૫માં હીરસૌભાગ્ય કાવ્યને અનુસારે પ્રસંગે બીજી પણ જરૂરી બીના ગોઠવીને 'મોટો શ્રીહીરસૂરિ રાસ' બનાવ્યો. ૮ અકબર બાદશાહનાં ફરમાનો ૯ હીરસૂરિમહારાજે જ્યાં જ્યાં પ્રતિષ્ઠા કરી ત્યાંના જિન બિંબના લેખો વગેરે ઉપરથી જાણી શકાય છે કે 'સવિ જીવ કરૂં શાસન રસી, એસી ભાવ દયા મન ઉલ્લસી' આ ભાવનાવાળા મહાપ્રભાવક શ્રીહીરસૂરિજી મહારાજે દેશનાદ્વારા દીક્ષાપ્રદાન, પદપ્રદાન, અમારિ પ્રવર્ત્તન અંજનશલાકા ઉપધાન ઉજમણા વગેરે ઘણાં ધાર્મિક કાર્યો કર્યા છે, તેમજ કરાવ્યાં છે. આ રીતે વિવિધ પ્રકારે શ્રીજૈનેન્દ્રશાસની વિશાલ પ્રભાવના કરીને વિ. સં. ૧૬૫૨ ભાદરવા સુદ ૧૧ અગિઆરસે સૂરિજી મહારાજ પરમ સમાધિપૂર્વક કાલધર્મ પામ્યા. શ્રીજૈનેન્દ્ર શાસનમાં શ્રીહીરસૂરિ મહારાજ જેવા પરમ પ્રભાવક પૂણ્યશાલિ મહાપુરૂષો ગણત્રીના જ થયા છે. પ્રભુ શ્રીમહાવીરદેવની પટ્ટપરંપરામાં શ્રીહીરસૂરિજી મહારાજ ૫૮ મી પાટે થયા. તે પછી અનુક્રમે વિજયસેનસૂરિ, વિજયદેવસૂરિ, વિજયસિંહસૂરિ, પં. સત્યવિ૦ કર્પૂરવિ૦, ક્ષમાવિ૦, જિનવિ૦, ઉત્તમવિ૦ પદ્મવિ૦, રૂપવિ૦, કીર્ત્તિવિ૦, કસ્તુરવિ૦, મણિવિજયજી દાદા થયા. આ ક્રમે હાલના તમામ મુનિવર્યો હીરસૂરિ મહારાજની પરંપરામાં ગણાય.

ભવ્ય જીવો—જગદ્ગુરૂ શ્રીહીરસૂરિશ્વરજી મહારાજના જીવનની જણાવેલી ટુંક બીનાનું રહસ્ય વિચારી, શ્રી જિનશાસનની સાત્ત્વિકી સેવા કરી આત્મકલ્યાણ કરે એજ હાર્દિક ભાવના.

# ઉદ્ધારક સદ્ગુરૂ

રચયિતા મુનિ હેમેન્દ્રસાગર. પ્રાંતિજ.

( જવાદે તું નૈયાંને સામે કિનારે )

બચાવો આ નૈયાં સુકાની ગુરુજી,
ગુરુજી, ગુરુજી, ગુરુજી, ગુરુજી.— બચાવો. ટેક.

ભય, રોગ, શોક રૂપી જલે સંસારનો સાગર હસે,
મકરો વસ્યા દુષ્કર્મના, વમળે પડી નૌકા ધસે,
ધ્રૂજે હાથ મારા સુકાને રહે ના. .... .... બચાવો. ૧

રાગ દ્વેષ રૂપી મહાજલચર પીડે મુજ માર્ગને,
દુઃખની હવે અવધિ થઇ, સર્વે હણે મુજ ધૈર્યને,
ઉગારો કૃપાળુ કરુણાના સિન્ધુ. .... .... બચાવો. ૨

નિર્ભય પ્રદેશે પ્રેમથી પહોંચાડજો ગુરૂજી,
ૐ अर्हं श्री गुरू ના જાપ જપતો ભાવથી,
અજિતધામ હેમેન્દ્ર ચાહે પ્રતાપી .... બચાવો. ૩

# ભગવાન હીરવિજયસૂરિ

લે. મુનિ હેમેન્દ્રસાગરજી પ્રાંતિજ.

જૈનદર્શનમાં જેમ ગૌતમસ્વામી, સ્થુલભદ્રજી, સિદ્ધસેન દિવાકર, મહર્ષિ હરિભદ્રસૂરિ, હેમચન્દ્રાચાર્યજી આદિ મહાપુરૂષોનાં નામો આલોક અને પરલોકના મંગલ અર્થે ભાવિકજનો પ્રભાતમાં સ્મરણ કરે છે અને તેથી પોતાનાં કર્મની નિર્જરા થાય તેમ ભાવથી માને છે. **"आचार्यो जिनशासनोन्नतिकराः पूज्योः"** એવુંજ પ્રભાતના પ્રહોરનું મંગલ નામ ભગવાન હીરવિજયસૂરીશ્વરજીનું છે. આચાર્યપ્રવર હીરવિજયસૂરીશ્વરજીના સંબંધમાં કવિ કહે છે કે:—

"જિણે પ્રતિબોધ્યો અકબર મીર,
ગળી પીએ તે મોગલ નીર;
અમારિ પડહ વજડાવ્યો જિણે,
દંડ દાણ મુકાવ્યાં તિણે;
જજીઓ ધૂમો પુંછી જેહ,
ઉંબર વરાડ મુકાવ્યો તેહ;
શત્રુંજ ગિરિ સો મુગતો કરે
શત્રુંજ ગિરનારે સંચરે".

ભગવાન હીરસૂરિજીના પવિત્ર જીવનમાં થયેલાં અનેકવિધ પવિત્ર કાર્યોમાં કવિએ ઉપર દર્શાવેલાં કાર્યો ખાસ અગ્રગણ્ય છે. એ કાર્યો કોઇ સામાન્ય માનવી ન કરી શકે તેવાં છે. જેટલાં કઠિન છે તેટલાંજ લોકોપકારક છે. ભગવાન હીરસૂરિજી અને દિલ્હીપતિ મોગલ સમ્રાટ અકબરશાહ સમકાલિન હતા. અકબરની ઇચ્છા સારાયે ભારત વર્ષમાંના તમામ નાત જાત અને ધર્મના લોકોમાં મોગલ સામ્રાજ્યની પ્રતિષ્ઠા જમાવવાની હતી. એ કારણથી એણે ઉદાર દીલથી નાત જાત અને ધર્મના આગેવાનોને મળવાનું અને તેમને જોઇતી બની શકતી સઘળી સગવડતાઓ આપવાનું શરૂ કર્યું હતું. ભગવાન હીરવિજયજી મહારાજ સર્વસંગ પરિત્યાગી મહાત્મા પુરૂષ હતા. એમને પોતાનો અંગત સ્વાર્થ હતો નહિ. એમની સર્વ કરણી સ્વ પરહિતકારણી હતી. આ લોકમાં અને પરલોકમાં ભવોભવ જીવનું કલ્યાણ કરનારી હતી. એથી જ સૂરીશ્વરજીએ અકબર બાદશાહને પ્રતિબોધીને સર્વ જીવનું હિત કરનારાં કાર્યો કરાવ્યાં હતાં. મોગલો મુસલમાન હતા એથી એમના રાજ્યમાં હિંસાનો પારજ કયાંથી હોય? અહિંસાની વાત એ સમજે જ કયાંથી? અને માને જ કયાંથી? ભગવાન હીરસૂરિજીએ બાદશાહને પ્રતિબોધ્યો. અકબરશાહ અહિંસાનો અલૌકિક મહિમા સમજ્યો. એણે અહિંસાને અમલમાં મૂકી અને શ્રીહીરસૂરિજીના ઉપદેશને માન આપીને પોતાના રાજ્યમાં મોગલ સામ્રાજ્યમાં અમારિ પડહ વગડાવ્યો. કોઈ-પણ જીવને હણશો નહિ, હણશો નહિ. એવી પાવન ઉદ્‌ઘોષણા કરાવી એથી અસંખ્ય મુંગાં પ્રાણીઓ અકાળે મૃત્યુના મુખમાં જતાં અટકી ગયાં. મોગલ સમ્રાટ્ ઉપર સૂરી-

શ્વરજીના ઉપદેશની અસર એટલે સુધી થઇ હતી કે એ મોગલ સમ્રાટ્ અકબરશાહ પાણીને પણ ગળીને પીવા લાગ્યો, મુસલમાની બાદશાહીમાં મુસલમાનોને રાહત મળતી હતી, કરવેરાનો મોટો બોજો હિન્દુઓ ઉપર આવી પડતો હતો. આ વસ્તુ ભગવાન હીરસૂરિજીને કણાની માફક ખટકયા કરતી હતી. લાગ જોઇને સૂરિજીએ મોગલ સમ્રાટને સમજાવ્યા, અને હિન્દુઓ પર પડતો દાણનો વધારે પડતો બોજ કઢાવી નખાવ્યો. હિન્દુઓ ઉપર જજીઆ મુંડકાવેરો નાંખવામાં આવ્યો હતો તેથી નાના મોટાં તમામ હિન્દુભાઇઓ અને બહેનો આબાળ વૃદ્ધ ઉપર વ્યક્તિ દીઠ મુંડકાવેરો ભરવાની ફરજ થઇ પડી હતી. માત્ર મુંડકાવેરાથી જ પતી જતું ન હતું પણ હિન્દુઓ ઉપર પ્રત્યેક ચૂલા પર ધૂપવેરો કે ચૂલાવેરો નાખ્યો હતો. ગાયો ઉપર પુંચ્છી પૂંછડાવેરો નાખ્યો હતો, આ ઉપરાંત ઉંબરાવેરો પણ ઉભો હતો. આવી જાતના કરવેરાના બોજાથી હિન્દુલોકો ભૂખે મરી રહ્યા હતા. વધારે પરાધીનતામાં આવી ગયા હતા. ભગવાન હીરસૂરિજીના ઉપદેશથી અકબરશાહે તમામ કરવેરાઓથી હિન્દુઓને મૂક્ત કર્યા હતા. આવાં આવાં પાવત્ર કાર્યોથી ભારતવર્ષની સઘળી હિન્દુ પ્રજા આચાર્ય પ્રવરનો અત્યંત આભાર માનવા લાગી હતી. આવાં કાર્યો કરાવવાથી અકબરશાહની પ્રતિષ્ઠાની મોટી જમાવટ થઇ એથી અકબર શાહ પણ ભગવાન હીરસૂરિજીનો આભાર માનતો હતો. આતો લોકસેવાની વાત થઈ.

જૈનધર્મની કે જિનશાસનની મહાન સેવાઓ ભગવાન હીરસૂરિજીએ કરી છે, આ વાત સૂર્યના જેટલી જ જાણીતી છે. જૈનશ્વેતામ્બરોનું પ્રાણ સમું મહા પવિત્ર શ્રી શત્રુંજય મહાતીર્થ મુસલમાન બાદશાહોની સત્તાથી દબાઈ ગયું હતું ત્યાં કોઈ પણ કાર્ય કરનારને અનેક અડચણો ઉભી થતી હતી. બાદશાહને પ્રતિબોધીને શ્રી શત્રુંજય મહાતીર્થને દિલ્હીની બાદશાહી જાળમાંથી મુક્ત કરાવ્યું. આ મહા તીર્થને અકબરશાહે વિજય હીરસૂરિને સુપ્રત કરી દીધું અને એમના નામનો લેખ પણ કરી આપવામાં આવ્યો. અન્ય તીર્થોની પણ એવી જ વ્યવસ્થા કરેલી. ત્યારથી જનો શ્રી શત્રુંજય મહાતીર્થની સ્વાતંત્ર્યપૂર્વક સુખમય યાત્રા કરવા લાગ્યા. આ જૈન ધર્મ ઉપર શ્રી હીરસૂરીશ્વરજીનો મહા ઉપકાર છે, છેલ્લે છેલ્લે ભગવાન હીરસૂરિજી જાતે શ્રીશત્રુંજય મહાતીર્થ અને શ્રી ગીરનારજી મહાતીર્થની યાત્રાએ પધાર્યા હતા. અને સૌરાષ્ટ્રના પ્રાચીન તીર્થ ધામ ઉનામાં વિક્રમ સંવત ૧૬૫૨ ભાદ્રપદ ૧૧ ને દિને ગુરૂવારે શ્રવણ નક્ષત્રના યોગમાં નિર્વાણપદને—સ્વર્ગવાસને પામ્યા હતા. આજે એ સ્થળે ઉનામાં જગદ્‌ગુરૂની ચરણ પાદુકા અને લેખ મોજુદ છે. ત્યાં આજે પણ નદીને કાંઠે સુંદર આંબાવાડીયું ઉભુ છે, અને ચરણ પાદુકાની દહેરી દર્શન આપે છે. ભગવાન સુધર્માસ્વામીની સત્તાવનમી પાટે શ્રીવિજયદાનસૂરિ થયા. "સંવત સોલ બાવીસો જસેં વિજયદાન સ્વર્ગે ગયા તસે" સંવત ૧૬૨૨ માં શ્રી

વિજયદાનસૂરિજી સ્વર્ગે સીધાવ્યા એમની પાટે આચાર્ય ભગવાન હીરસૂરિજી બિરાજ્યા. આ જોતાં શ્રમણ ભગવાન શ્રી મહાવીર પ્રભુની પછીની ૫૮ મી પાટે ભગવાન હીરસૂરિજી થયા. કવિ કહે છે કે–

યુગપ્રધાન સરીખો હુવો વળી,
હીરતણી તે મતિ નિર્મળી;
સત્ય શીલ મોટો ગંભીર,
તીર્થંકર સમ ભાખ્યો હીર;
હીરના ગુણનો નહિ પારો,
સાધ સાધવી અઢી હજારો.

આ સઘળી વાતો તો ભગવાન હીરસૂરિજીની વ્યવહાર માર્ગની થઇ. આ ભગવાન સૂરીશ્વરજી જેવા શુદ્ધ વ્યવહાર માર્ગમાં કુશળ હતા તેવા જ નિશ્ચય માર્ગમાં પણ હતા. શ્રીહીરસૂરિજીમહારાજ ત્યાગ અને વૈરાગ્યની સાક્ષાત્ પ્રતિમા સમા હતા. દેહ અને આત્માનો ભેદ એમના દીલમાં અખંડ રમ્યા કરતો હતો. એમની બુદ્ધિ સર્વદા ચેતનમાં જ રહેતી હતી. દેહ અને દેહના સંબંધીઓને જગદ્‌ગુરૂજીએ કદી પણ મારા છે એવું માન્યું જ ન હતું. આવા મહા પ્રભાવશાળી જગદ્‌ગુરૂનું નામ જ્યાં સુધી આ પૃથ્વીપટ ઉપર સૂર્ય અને ચંદ્ર તપે છે ત્યાં સુધી તપશે.

## યુગપ્રધાન જગદગુરૂ વિજયહીરસૂરિજી

લે. મુનિમહારાજશ્રી લક્ષ્મીસાગરજી

આ કલિકાલમાં જિનશાસનની પ્રભાવના કરનાર અનેક સૂરીશ્વરો થઇ ગયા છે. જિનેશ્વર પછી ગણધરો ત્યાર પછી આચાર્ય પ્રવરોએ ભૂમંડલમાં ધર્મ કલ્પવૃક્ષને નવપલ્લવિત રાખ્યું છે. તેનાં મિષ્ટ ફળો ભવ્યાત્માઓને ચખાડ્યાં છે. તે સર્વને ભૂરિ ભૂરિ વંદન હો!

જે પૃથ્વી પવિત્ર મહાપુરૂષોના ચરણકમળથી પવિત્ર બનેલી છે તે આર્યભૂમિને પણ વંદન હો!

ભદ્રબાહુ સ્વામી, વજ્રસ્વામી, કાલિકાચાર્ય, સિદ્ધસેન દિવાકર, હરિભદ્રાચાર્ય બપ્પભટ્ટીસૂરિ, કલિકાલ સર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય પછી મોગલ સત્તા સમયમાં જૈનધર્મનો ધ્વજ ફરકાવનાર શાન્તતપસ્વી પૂણ્યવંત મહાત્મા વિજયહીરસૂરિજી મહારાજ અવશ્ય સ્મરણીય પુરૂષને સ્મૃતિપથમાં લાવવા સહસા પ્રેરણા થાય છે. અનેક અન્યાય, અને અત્યાચારની આંધિ ઘેરાયેલી હતી તેવા સમયે જેમણે પોતાના તપત્યાગ, વૈરાગ્ય, અને જ્ઞાનથી દીલ્હીપતિ બાદશાહ અકબરને પ્રતિબોધી છ માસ પર્યન્ત વર્ષભરમાં અમારી ઉદ્‌ઘોષણા કરાવી હતી, બાદશાહના અંતઃકરણમાં કૃપાવેલી ઉત્પન્ન કરી હતી. વિશ્વપ્રેમ શિખવનાર જૈનધર્મનો સર્વત્ર પ્રચાર કર્યો હતો. સર્વ ધર્મપ્રત્યે સહિષ્ણુભાવ કેળવી નિજ આત્મનો ઉદ્ધાર સાથે ભવ્યા-

ત્માઓને સુધારવા પ્રયત્ન કર્યો હતો. તે વખતે જૈન ધર્મમાં ઉત્સાહ અજબ હતો. સર્વત્ર તેની કીર્તિ ગણાતી હતી. ભવ્યાત્માઓના અંતઃકરણમાં નવરંગ લાવનાર પૂજ્ય સૂરીશ્વરનો જ એ પ્રભાવ છે. અકબર શાહે જગદ્‌ગુરૂના બીરૂદથી વધાવ્યા. જગતે સદ્‌ભાવથી સત્કાર્યો છતાં અપૂર્વ સમતા ભાવમાં ઝીલી સર્વનું કલ્યાણ કરવાની વૃત્તિ તેમણે જીવન પર્યન્ત રાખી હતી. અઢી હજાર સાધુ સાધ્વીનો સમુદાય આજ્ઞાધીન હતો. દેવો પણ તેમના કાર્યને મદદ કરતા. તે મહાત્મા ખરેખર પરમાત્મમય જીવન બનાવી શકયા. ભવ્યાત્માઓને કલ્પવૃક્ષ સમાન શીતળ છાંય આપનાર એ મહાપુરૂષ આજે પણ સ્મૃતિપથ પર દર્શન આપે છે. શિષ્ય સમુદાયને સત્ય શીખવ્યું, કોઈનો પક્ષપાત કર્યા સિવાય કઠોર સત્ય પણ કહી શકતા હતા. સર્વ ધર્મ સર્વ ગચ્છો સાથે સમભાવથી રહી આત્મસાધના કરવામાં જ આત્મોન્નતિ સમાયેલી છે. આર્યભૂમિ અને તીર્થભૂમિનું રક્ષણ કરવા તેમના પ્રયત્નો આજે ચમત્કાર દર્શાવે છે, તેમના શિષ્ય સમુદાયે હજારો ગ્રંથો લખી સાહિત્યસેવા કરી છે. હિંદુ સમાજ ઉપર લદાયેલા જીજીયા વેરાને બંધ કરાવી આખાય હિન્દુ સમાજની સેવા કરી છે. સં. ૧૫૮૩ માં જન્મ લઇ સંવત ૧૫૯૬ માં દીક્ષા અંગીકાર કરી સંવત ૧૬૧૦ માં આચાર્યપદ સ્વીકારી શાસનસેવા આત્મસાધના કરી સં.૧૬૫૨ માં ઉના ગામમાં તેમનો સ્વર્ગવાસ થયો. તેમના પટ્ટપ્રભાવક સ્વપર શાસ્ત્રનિષ્ણાત વિજયસેનસૂરિજીએ પણ શાસનની અજોડ સેવા કરી છે. કોઈપણ જાતના ગચ્છ કદાગ્રહોને સ્થાન આપ્યું નથી. શાસ્ત્રથી વિમુખ વર્તાયું નથી, તેથીજ આત્મસાધના સાધનાર સૂરિપુરંદરે જૈન ધર્મ ધ્વજ સર્વત્ર ફરકાવ્યો હતો. તે મહાન યુગપ્રધાન જગદ્‌ગુરૂ વિજયહીરસૂરિશ્વરજીને ભાવથી સાચા હૃદયથી કોટિશઃ વંદન !

"आसीद्धीरजिनेन्द्रपट्टपदवी
कल्पद्रुमः कामदः,
सौरभ्योपहृतप्रबुद्धमधुपः
श्रीहीरसूरीश्वरः ।
शास्त्रोत्कर्षमनोरमस्फुरदु-
रुच्छायः फल प्रापक-
श्च्छन्मूलगुणः सदातिसुमनाः
श्रीमान् मरुत्पूजितः ॥१॥
यो जीवाभयदानडिण्डिममिषात्
स्वीयं यशो डिण्डिमं,
षण्मासान् प्रतिवर्षमुग्रमखिले
भूमण्डलेऽवीवदत् ।
भेजे धार्मिकतामधर्मरसिको
म्लेच्छाग्रिमोऽकब्बरः,
श्रुत्वा यद्वदनादनाविलमति-
र्धर्मोपदेशं शुभम्" ॥२॥

(म. वि. वि. जी.)

# નેમિનાથ જિન સ્તવન

આવો આવો એ વીર સ્વામિ મારા અંતરમાં—એ દેશી.

આવો હો નેમિ જીનજી ! મારા અંતરમાં
મારા અંતરમાં પ્રભુજી ! મારા મંદિરમાં. આવો (એ આંકણી)

સોરઠ દેશને પાવન કીધો, તેમાં ગિરિ ગિરનાર;
જેમાં દીક્ષા જ્ઞાન ને મુક્તિ, કલ્યાણક શ્રીકાર. આવો ૧

સમુદ્રવિજયનું કુળ શોભાવ્યું, શિવાદેવીની કુખ;
જન્મથી જિનવર નામ દીપાવ્યું, ટાળી દુનિયા દુઃખ. આવો ૨

દુર્ધર બ્રહ્મચર્યને ધરતા, અમિત બળી જિનરાજ;
કામ સુભટને દાબી દીધો, શુરવીરમાં શિરતાજ. આવો ૩

પરણવાનું બ્હાનું કાઢી, ધરી નવ ભવનું હેત;
મુક્તિમંદિર જાવાને કીધો, રાજુલને સંકેત. આવો ૪

ગોરવ અર્થે ઘણા પશુનો, સુણી આર્દ્ર[1] પોકાર;
સમજાવી સઘળાં છોડાવ્યાં, ધન્ય ધન્ય નેમકુમાર! આવો ૫

જે રાગી ઉપર વૈરાગી, તે સ્ત્રીનું શું કામ?
જે વૈરાગી ઉપર રાગી, તે મુક્તિ ગુણગ્રામ. આવો ૬

એમ સમજાવી રથને ઠેલી, લીધો જીનવર પંથ;
સર્વ સંગ નિવારી પોતે, બની ગયા નિર્ગ્રંથ. આવો ૭

કેવળ જ્યોત જગાવી ટાળ્યા, સર્વ કર્મના પાસ;
શિવમંદિરનું સ્થાન શોભાવ્યું, સાદિ અનંત નિવાસ. આવો ૮

[2]સમયાંતર ઉપયોગ રમણતા, અનુપમ સુખ ગણાય;
ત્રણ્ય[3]કાળનું ત્રિવિધ[4] વર્તન, સમયે સમયે જણાય. આવો ૯

નેમિનામે નવનિધિ પામે, નીતિ, કીર્તિ, જસ;
વિજયોદય જય ઘંટા વાગે, જાગે ધર્મ ધગસ. આવો ૧૦

---

૧ કરૂણ. ૨. સમયેસમયે ૩ ભૂત, ભવિષ્ય, વર્તમાન. ૪ ઉત્પાદ, વ્યય, ધ્રુવ.

# આવતી ચોવિશીમાં કયા કયા ભવ્યાત્માના જીવો તીર્થંકરો થશે તેના શુભ નામો.

૧ આવતી ચોવિશીમાં શ્રેણિક રાજાનો જીવ પદ્મનાભ નામના પ્રથમ તીર્થંકર થશે.

૨ મહાવીરસ્વામીના પિત્રાઇ કાકા સુપાર્શ્વનો જીવ સુરદેવ નામના બીજા તીર્થંકર થશે.

૩ પાટલીપુર નગરનો સ્વામી ઉદાયી રાજા કે જેને વિનયરત્ન નામના અભવિએ માર્યો હતો તે સુપાર્શ્વ નામના ત્રીજા તીર્થંકર થશે.

૪ પોટિલ મુનિનો જીવ ચોથા સ્વયંપ્રભ તીર્થંકર થશે.

૫ દઢાયુ શ્રાવકનો જીવ પાંચમા સુરદેવ નામના તીર્થંકર થશે.

૬ કાર્તિક શેઠનો જીવ છઠ્ઠા દેવશ્રુત ભગવાન થશે, હાલમાં જે સૌધર્મ પતિ છે તે નહિ પણ કાર્તિક શેઠ બીજા જાણવા.

૭ શંખ શ્રાવકનો જીવ સાતમા ઉદયપ્રભ ભગવાન થશે, પણ તે શંખ શ્રાવક બીજો ભગવતિસૂત્રમાં વર્ણવેલ છે તે નહિ,

૮ આનંદ શ્રાવકનો જીવ આઠમા પેઢાલ નામના ભગવાન થશે, પણ તે બીજા, પરંતુ ઉપાસક દશાંગમાં વર્ણવેલ છે તે નહિ, તેતો મહાવિદેહેમોક્ષે જશે.

૯ સુનંદા શ્રાવિકાનો જીવ નવમા પોટિલ તીર્થંકર થશે.

૧૦ શતક શ્રાવકનો જીવ દશમા શતકીર્તિ નામના ભગવાન થશે. આ શતકનું બીજુ નામ પુષ્કલી છે, તેનું વર્ણન ભગવતિમાં છે તે.

૧૧ કૃષ્ણની માતા દેવકીનો જીવ અગ્યારમા મુનિસુવ્રત તીર્થંકર થશે.

૧૨ સમવાયાંગ સૂત્રમાં કહ્યા પ્રમાણે કૃષ્ણ વાસુદેવનો જીવ બારમા અમમ નામના તીર્થંકર થશે. કોઇમાં તેરમા ભગવાન કહ્યા છે, તત્ત્વ કેવળી જાણે.

૧૩ સુજ્યેષ્ટા સાધ્વીનો પુત્ર સત્યકી વિદ્યાધર કે હાલમાં અગ્યારમા રૂદ્રને નામે પ્રસિદ્ધ છે, તે નિઃકષાય નામના તીર્થંકર થશે, સમવાયાંગમાં બારમા કહ્યા છે, તત્ત્વ કેવળી જાણે.

૧૪ બળદેવનો જીવ ચૌદમા નિઃપુલાક ભગવાન થશે, બળદેવ કૃષ્ણના ભાઈ નહિ. કારણ કે હેમચંદ્ર સૂરિજીએ કરેલા નેમિચરિત્રમાં બળદેવનો જીવ કૃષ્ણના તીર્થમાં સિદ્ધિપદ પામવાનું કહેલ છે, માટે બળદેવ બીજા જાણવા.

૧૫ સુલસા શ્રાવિકાનો જીવ પંદરમા નિર્મમ નામના તીર્થંકર થશે. વીરભગવાનને ધર્મલાભ કહેવરાવ્યો હતો તે સતી સુલસા શ્રાવિકા જાણવી.

૧૬ બલદેવની માતા રોહિણીનો જીવ સોળમા ચિત્રગુપ્ત નામના તીર્થંકર થશે.

૧૭ રેવતી શ્રાવિકાનો જીવ સત્તરમા સમાધિ નામના ભગવાન થશે, આ મહાવીર પ્રભુના શિષ્યને બીજોરા પાક વહોરાવનારી રેવતી શ્રાવિકા.

૧૮ શતાલિ શ્રાવકનો જીવ અઢારમા સંવર નામના ભગવાન થશે.

૧૯ લોકમાં વેદવ્યાસ નામથી પ્રસિદ્ધ થયેલ દ્વૈપાયનનો જીવ ઓગણીસમા યશોધર તીર્થંકર થશે.

૨૦ કર્ણનો જીવ વીશમા 'વિજય' ભગવાન થશે. કેટલાક કર્ણને કોરવોના ભાઇ કહે છે, ને કેટલાક વાસુપૂજ્યસ્વામિના વંશમાં ચંપા નગરીનો રાજા થયેલ તેને કહે છે. તત્વકેવલી જાણે.

૨૧ નારદનો જીવ એકવીશમા મલ્લિનાથ ભગવાન થશે. આ નારદને ભગવતી સૂત્રમાં વર્ણવેલા શ્રમણ નિર્ગ્રંથ કહે છે, અને કેટલાક રામ લક્ષ્મણના વારામાં થયેલા કહે છે. કેવળી ગમ્ય

૨૨ અંબડ શ્રાવકનો જીવ બાવીશમા દેવજિત ભગવાન થશે. જે ઉવવાઇસૂત્રમાં વર્ણવેલ છે તે નહિ, તેતો મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે. આ અંબડ સુલસા શ્રાવિકાની પરિક્ષા કરવાવાળો જાણવો.

૨૩ અમરનો જીવ અનંતવીર્ય નામના ભગવાન થશે.

૨૪ સ્વાતિ બુધનો જીવ ચોવીશમા ભદ્રજિત ભગવાન થશે. ૐ શાંતિઃ ૩

મુમુક્ષુ.

---

# ધર્મ કરવાની આવશ્યકતા, અને તેથી થતો દુઃખક્ષય

**धर्मस्यावसरोऽस्ति पुद्गलपरावर्तैरनन्तैस्तवा-**
**यातः संप्रति जीव हे प्रसहतो दुःखान्यनन्तान्ययम् ।**
**स्वल्पाहः पुनरेष दुर्लभतमश्चास्मिन् यतस्वार्हतो,**
**धर्मं कर्तुमिमं विनाहि नहि ते दुःखक्षयः कर्हिचित् ॥**

"હે ચેતન! બહુ પ્રકારે અનેક દુઃખો સહન કરતાં કરતાં" અનંતા પુદ્ગલ પરાવર્તન કર્યા પછી હાલમાં તને આ ધર્મ કરવાનો અવસર પ્રાપ્ત થયો છે; તે પણ થોડા થિવસ ચાલશે, અને ફરી ફરીને તેવો અવસર મળવો મહા મુશ્કેલ છે; માટે ધર્મ કરવામાં ઉદ્યમ કર. આ વગર તારાં દુઃખનો કદિ પણ અંત થશે નહિ".

વિવેચન અનંત દુઃખ ખમતાં અને અનંતકાળ ગયા પછી કુદરતી રીતે નદીના પ્રવાહમાં અથડાઇ અથડાઇને ગોળ થતા પાષાણના ન્યાયથી આ જીવ મનુષ્યભવ પામે છે. આ જમાનામાં મનુષ્યનું ઉત્કૃષ્ટ ૧૦૦ વર્ષનું આયુષ્ય ગણીએ તો તેમાંથી પ્રથમનાં ૨૦ અને પછવાડેનાં ૩૦ વર્ષ તો લગભગ નકામાં છે. બાળપણામાં અજ્ઞતા અને વૃદ્ધાવસ્થામાં અશકિત આ વર્ષોને નકામાં બનાવે છે. બાકીના મધ્યના ટાઇમમાં બને તે કર. હે નિપુણાત્મા! ફરી ફરીને આવી જોગવાઇ મળશે નહિ જો અત્યારે ભૂલ્યો તો પાછી ફરીને આવી જોગવાઇ મળશે નહિ. ધર્મ વગરનું જીવન એ નકામું જીવન જ છે. ધર્મ વગર દુઃખનો નાશ થતો નથી. અને ધર્મ પ્રાપ્તિ મોટે ભાગે મનુષ્ય ભવમાં જ

થઇ શકે છે. તેથી આ અવસરનો લાભ લેવા કહ્યું છે.

અનંતકાળનું સ્વરૂપ ચોથા કર્મગ્રંથથી જાણી લેવું. પુદ્‌ગલ પરાવર્તનનું સ્વરૂપ જાણવા જેવું છે. તેના દ્રવ્ય ક્ષેત્ર, કાળ, અને ભાવથી પ્રત્યેકના બાદર અને સુક્ષ્મ ભેદ કરતાં આઠ પ્રકાર થાય છે.

ઔદારિક, વૈક્રિય, તેજસ, કાર્મણુ, ભાષા, શ્વાસોશ્વાસ અને મનોવર્ગણા પણે ચૌદ રાજલોકના સર્વ પુદ્‌ગલો પરાવર્તન થાય, એજ પુદ્‌ગલ પરમાણુને પ્રથમ ઔદારિક વર્ગણારૂપે ભોગવે, ત્યાર પછી અનુક્રમે વૈક્રિય વર્ગણારૂપે ભોગવે, યાવત્ મનો વર્ગણારૂપે ભોગવે, તેમાં એક પરમાણુને ઔદારિક તરીકે ભોગવ્યા પછી, વચ્ચે વૈક્રિયાદિરૂપે ગમે તેટલા ભોગવે તે ગણવા નહિ, એવી રીતે અનુક્રમે સાતે વર્ગણાપણે સર્વ પુદ્‌ગલો ભોગવાય ત્યારે દ્રવ્યથી સુક્ષ્મ પુદ્‌ગલ પરાવર્તન થાય.

લોકાકાશના અસંખ્ય પ્રદેશો છે, તે દરેક પ્રદેશને મરણથી સ્પર્શે ત્યારે ક્ષેત્રથી બાદર પુદ્‌ગલ પરાવર્ત થાય છે અને લોકાકાશના સર્વે પ્રદેશોને ક્રમસર એક પછી એક પ્રદેશે સ્પર્શી મરણ પામે, એમ સર્વ પ્રદેશોનો અનુક્રમે સ્પર્શ થાય ત્યારે ક્ષેત્રથી સૂક્ષ્મ પુદ્‌ગલ પરાવર્ત થાય છે, આમાં આટલું ધ્યાંન રાખવાનું છે કે કોઇ પણ એક પ્રદેશે મરણ થયા પછી તેના અનંતર પ્રદેશે મરણ થાય તે જ પ્રદેશ ગણવો, બાકી અન્ય પ્રદેશો એ વચ્ચેના વખતમાં ગમે તેટલાં મરણ થાય તે પ્રદેશો ગણાવા નહિ. ઉત્સર્પિણીના અને અવસર્પિણીના સર્વ સમયો આડા અવળા મરણથી સ્પર્શે ત્યારે કાળથી બાદર પુદ્‌ગલ પરાવર્ત થાય છે અને ઉપર બતાવેલી રીત પ્રમાણે એક કાળ ચક્રના પ્રત્યેક સમયને અનુક્રમે મરણ વડે સ્પર્શે ત્યારે કાળથી સૂક્ષ્મ પુદ્‌ગલ પરાવર્ત થાય છે. એમાં ઉત્સર્પિણીમાં પ્રથમ સમયે કાળ કર્યા પછી તેના પછીના જ બીજા સમયે બીજી કોઇ પણ ઉત્સર્પિણીમાં કાળ કરે તેજ ગણાય છે, વચ્ચેના મરણ સમયો ગણાતા નથી. કષાયના કારણથી જે અધ્યવસાય થાય તેને લીધે કર્મ બંધ થાય, એ કર્મબંધમાં બહુ તરતમતા હોય છે. કષાય મંદ કે તીવ્ર હોય તેમ કર્મના અનુબંધમાં પણ ફેર પડે છે. એના અસંખ્ય સ્થાનો છે અને તેથી અનુબંધ સ્થાન પણ અસંખ્ય છે. પ્રાણીને જેવી જેવી જુદી જુદી વાસના તેટલા તેટલા જૂદા જૂદા અધ્યવસાય થાય છે અને તે પ્રત્યેકમાં તરતમતા હોય છે તેથી પ્રત્યેકનું સ્થાન જૂદુ પડે છે. એ અનુબંધસ્થાન અસંખ્ય સમજવાં. એ સર્વ અધ્યવસાય સ્થાનક આગળ પાછળ ફરસીને પૂરા કરે ત્યારે ભાવથી બાદર પુદ્‌ગલ પરાવર્ત થાય છે; અને અલ્પ કષાયોદય અધ્યવસાય છતાં મરણ પામે તે વાર પછી બીજા ગમે તેવાં સ્થાનકોએ મરણ પામે તે ગણાય નહિ, પણ ત્યાર પછી તેની અનંતરના અધ્યવસાય સ્થાનકે મરણ પામે, તે જ ગણાય. એવી રીતે સર્વ અધ્યવસાય સ્થાનકોએ અનુક્રમ પ્રમાણે ચાલતો કાળ કરે ત્યારે ભાવથી સૂક્ષ્મ પુદ્‌ગલ પરાવર્ત થાય છે.

આ સ્વરૂપમાં બાદર પુદ્‌ગલ પરા-

વર્તના ચાર ભેદ કહ્યાં છે એ જરા ઠીક લાગશે; કારણ કે એમાં બહુ ઓછા ભવો કરવા પડે છે, (પ્રમાણમાં) પરંતુ શાસ્ત્રકાર કહે છે કે એ બાદરના ચાર ભેદ તો સમજવા માટે જ બતાવ્યા છે, તેનો બીજો ઉપયોગ નથી. એ સમજવાથી સૂક્ષ્મભેદ ગ્રાહ્યમાં આવે તેથી જ બતાવ્યા છે, બાકી આ જીવે જે અનંત પુદ્દગલ પરાવર્ત કર્યા અને હજુ કરશે તેતો સૂક્ષ્મ સમજવાં

હે જીવ ! આ સ્વરૂપ વાંચીને વિચારતાં ( ગુરૂગમ્ય દ્વારા ધારતા ) આંખો ઓડે આવશે. આવાં આવાં અનંત પુદ્દગલ પરાવર્ત ત્હેં કર્યા છે અને જો ધર્મ નહિ કરે તેવાં અનંતા પુદ્દગલ પરાવર્તન સુધી હજુ રખડવું પડશે, પણ રખડવું ન પડે એ તારા હાથની બાજી નો ખેલ છે, માટે ઉઠ, પ્રામાદાદિ ત્યાગ કર, ધર્મ કર અને ઉચ્ચસ્થિતિ પ્રાપ્ત કર તેમ સંસારની અસારતાનો વિચાર કર, ઇન્દ્રિયોપર સંયમ કર, મન ઉપર અંકુશ રાખ, તું શ્રાવક હો તો વ્રતમાં દ્રઢતા રાખ, વ્યવહાર શુદ્ધ રાખ, ચિત્તવૃતિમાંથી કચરો કાઢી નાખ, નહિ તો પછી જેમ અનંતા પુદ્દગલ પરાવર્તનો એટલે ચારે ગતિના દુઃખો જેવા કે ૧ નારકી, ૨ તિર્યંચ ( તેમાં પૃથ્વી, પાણી, અગ્નિ, પવન અને વનસ્પતિ તથા જળો, માંકડ, વીંછી, પક્ષીઓ જલચર, ઢોર વિગેરે જીવોનો સમાવેશ થાય છે ) ૩ મનુષ્ય અને દેવ એ ચારે ગતિમાંથી એકે ગતિમાં સુખ નથી એમ બતાવી આવતા અંકમાં નારકીના તાદ્દશ દુઃખોનું વર્ણન આપવામાં આવશે. એક મુમુક્ષુ.

[ અપૂર્ણ. ]

## જૈન જ્યોતિષ સંબંધી કાંઈક

લે. મુનિરાજશ્રી આણંદવિજયજી મહેસાણા (ઉ. ગુજરાત)

મારા આ પહેલાંના અંકના લેખથી ઘણા ભવિ જીવોને સુખ ઉપજ્યું માની મારે લાભાલાભની દ્દષ્ટિએ આ લેખ ચાલુ રાખવો પડે છે.

પ્રથમના લેખમાં કેટલાક બાળ જ્ઞાની જીવો સહેજ કઠણ ભાષાના કારણે પૂર્ણપણે સમજ્યા નથી તેથી પહેલો એટલો ખુલાસો આવશ્યક છે કે આગળના અંકમાં લખેલ ભાવિનું કારણ ફક્ત ખગ્રાસ ગ્રહણ એકલું નથી. ગ્રહણ તો ઘણી વાર થાય છે બીજાં પ્રબળ કારણો ન લખવાનું પ્રયોજન સાહિત્ય ચોરીનો ભય તથા લોકો શાસ્ત્રનો દુરૂપયોગ ન કરે તે છે. છતાં વિદ્વાન વાંચક વર્ગના કારણે અહીં બે બીજાં કારણો સમકિતિ વાંચક માટે રજુ કરું છું.

કારતક, માગશર અને પોષમાં ચાર પાપ ગ્રહો વક્રી (અવળી ચાલના) રહે છે. શાસ્ત્ર કહે છે કે–"ક્રૂરા વક્રી મહા ક્રૂરા" ક્રૂર ગ્રહ વક્રી બહુ તોફાની થાય છે. આ ઉપરાંત ગ્રહનું એક ભારે યુદ્ધ થાય છે. સહદેવ કહે છે કે–"ગ્રહ યુદ્ધ નતે" ઈત્યાદિ તે સીવાય બીજાં ઘણાં આકાશી તોફાન થાય છે જે લખવાની

જરૂર નથી. ઉપરના પુરાવા જ વિદ્વાનો માટે બસ થશે જૈન આગમ શાસ્ત્રો એકાંત નથી. કદાચ લશ્કરના પૂરને બદલે પાણીનું પૂર આવે. પાણીના ઉત્પાતને બદલે અગ્નિનો ઉત્પાત થાય તેને બદલે ભયંકર રોગચાળો કે દુકાળ કે નાદીરશાહી પ્રવર્તે. પણ કોઇ મોટો ઉપદ્રવ થાય ફક્ત પ્રકારાંતરે મુનિઓ પણ પીડાય તો સંસારીની શી વાત કરવી ? અંગારકર્તી એટલે મંગળ ગ્રહ અને મંગળગ્રહ એટલે હીટલરના તોફાનમાં ભય પામે તો પણ નવાઇ તો નહી. માટે જ ધર્મ ત્યાં જય માની તાત્વિક તેમજ આત્મિક ધર્મ કરવાની સુચના એજ લેખનો મુખ્યહેતુ છે વાંચક કહેશે કે દરેક દુનીયા પોતપોતાના ધર્મમાં આશક્ત છે તેને અમારે સભ્યતાથી કહેવું જોઈએ કે દરેક ધર્મ નય ઉપર મચી પડેલા છે જયારે જૈનમાર્ગ સ્યાદ્વાદી છે.

હવે તેનો દાખલો પ્રથમ બુધના ઉદયની હકીકતમાં અપાયેલ છે છતાં બીજો દાખલો એ છે કે, જગત માને છે કે–"**कूज दीनमनोष्टं**" એટલે મંગળવાર ખરાબ પરંતુ જૈનાગમ કહે છે કે તે વાત યુક્ત નથી પણ "**क्षितीतनय वासरो न शुभकृत्**" શુભ કામમાં મંગળ ઠીક નથી. જારણ–મારણ–કોરટ–દરબાર યુદ્ધ પ્રયાણાદિમાં મંગળ ઠીક છે. મુંબઈની સ્મોલકૉઝ કોર્ટમાં આઠ દીવસ કરતાં વધુ દાવા મંગળવારે જ મંડાય છે. આ ઉપરથી મંગળવારને એકાંત ખરાબ માનવાને કારણ નથી. જો કે શ્રવણ અને ધનીષ્ટામાં જન્મેલાને વધુ ચિંતા છે પણ તે નક્ષત્રોને સૂર્ય ભોગવશે એટલે કાંઇક તેઓને શાંતિ થશે. તે પહેલાં કુંભ, મકરવાળાને તેમાં પણ તે બે નક્ષત્રોવાળાને વધુ હેરાન થવું પડશે. મંગળના ગ્રહને માર્સ અંગ્રેજીમાં કહે છે પણ મોટી શાંતિ આદિમાં અંગારક લખેલના ધોરણે અંગ્રેજી હીટલર નામ પણ છે. હવે તેવા ગ્રહો તોફાને ચઢે તો શું ન કરે તે વાંચકોએ સમજી લેવું.

સામાન્ય હીટલર નામના મનુષ્યો ઉત્પાત મચાવી મુકે ત્યાં દૈવી શક્તિ તો વધુજ હોય. કરફ્યુ એટલે બહાર નીકળવું નહી. બ્લેકઆઉટ એટલે અંધારૂં જ રાખવું. બોમ્બ વિગેરેનો ભય હોય તો ભોંયરામાં પેસી જું કે આ ન કરવું વિગેરે કદાચ આગળઉપર હાલવા–ચાલવાની મનાઈ આવે તો પણ સવળો અર્થ લઇ લેવો બાકી કલિકાલ મહાત્મ્ય ૧૦૦ શ્લોકોવાળું વૈષ્ણવોના ભારતમાંથી તથા પંચમ છઠા આરાનું વૃતાંત જૈનાગમથી વાંચી લેવાની ખાસ સલાહ છે. જેને શની નડતો હોય તે વિક્રમ કથા વાંચે તો શનિથી લાભ ગણવો તેમ યુગદોષ નડે તો યુગવૃત્તાંતથી શાંતિ મળે છે. કોઈ પણ વાંચક હીટલરનો અર્થ જર્મન ચાન્સેલર ગણી ન લે તે ખાસ સુચના છે. જૈન શાસ્ત્ર અનેકાંત હોવાથી પ્રયત્ન પ્રાધાન્ય માને છે. જ્યોતિષની પ્રધાનતાનો ફક્ત હાલ એકજ દાખલો ટાંકીશ કે, જીનેશ્વરોના હૃદયોને જાણવા ઇંદ્રો સમર્થ નથી છતાં ઉત્પલ નામના જોષીએ વીરપ્રભુને આવેલ દશ

સ્વપ્ન જાણેલ હતાં. વરાહ લખે છે કે–દશ હજાર ઘોડા અને એકહજાર હાથીના સૈન્ય કરતાં રાજાઓને ઉતમ જોષી વધુ મદદગાર નીવડે છે. વળી તે જ લખે છે કે–નિરંજન અરિહંતો પણ છદ્મસ્થપણે જોષીને પૂછે છે. કારણુ પ્રાય અરિહંતો નિષ્કારણુ લબ્ધિ ફોરવતા નથી. વીરપ્રભુ પાસે અદ્‌ભુત શીતલેશ્યા હોવા છતાં ગોશાળાની તેજોલેશ્યા સામે યોજી નહોતી પુરૂષાર્થ પણ મુખ્ય છે. શાન્તિનાથ ચરિત્રમાં સંભળીએ છીએ કે એક રાજાને જોષીએ આઠમે દીવસે વીજળીથી મરશે તેમ કહ્યું. પ્રધાનો વિચારોની ધમાલમાં પડ્યા, એક વિચક્ષણુ પ્રધાને પૂછ્યું, કે આ ગામનો રાજા મરશે કે વિજયરાજા મરશે ? જોષીએ કહ્યું આ ગામનો રાજા મરશે તેમ પ્રશ્ન છે. બુદ્ધિમાન મંત્રીએ દશ દીવસ માટે ગણેશની મૂર્તિને રાજ્યાસન પર સ્થાપી અને રાજાને જીનાલયમાં પ્રભુસ્મરણુ કરતો રાખ્યો આઠમે દીવસે વિજળી પડી અને ગણેશ મૂર્તિના ટુકડા થઇ ગયા અને રાજા બચ્યો. જૈનાગમ કહે છે કે–

“उद्यमं साहसं धैर्य, बलबुद्धि पराक्रमम्
षडैते यस्य विद्यंते, देवोऽपिनैव शक्यते”

જ્યાં પુરૂષાતન છે ત્યાં નશીબને પણુ થાકી બદલાવું પડે છે. વળી કહે છે કે–

कृतकर्म भोक्तव्यं,- किं कुर्वन्ति शुभा ग्रहा
वशिष्ठलग्नदत्तोपि, रामः प्रवर्तते वने

વશિષ્ટ જેવા મહાન્ વિદ્વાને રાજ્યાભિષેકનો સમય નક્કી કર્યો છતાં રામને કર્મવશ વનવાસ થયો. એટલે જૈનો કર્મની જ પ્રધાનતા માને છે અને કર્મ એટલે પૂર્વે કરેલ ઉદ્યમ છે અને તેથી નશીબ ઉદ્યમમાંથી જ પેદા થવા માટે શંકા નથી. એટલું જ હાલ રજુ કરી ભાવિ અંક માટે હાલ વીરમીશ.

## યોગનિષ્ઠ આચાર્ય વિજયશાંતિસૂરિજીનો કાળધર્મ—

આબુ અચળગઢમાં યોગનિષ્ઠ આચાર્યશ્રી વિજય શાંતિસૂરિજી મહારાજ તા. ૨૪–૯–૪૩ બપોરે કાળધર્મ પામ્યા છે.

હજારો માનવમેદની વચ્ચે તેઓશ્રીની અગ્નિ સંસ્કાર માંડોલી ખાતે તા. ૨૯–૯–૪૩ ના રોજ કરવામાં આવ્યો હતો.

દેશવિદેશથી હજારો માનવમેદની તેઓશ્રીના દર્શન માટે આવી હતી.

આચાર્ય વિજયશાંતિસૂરિજી આજે કેટલાએ વર્ષોથી જૈન જૈનેતર જગતમાં પ્રસિદ્ધ છે. તેઓશ્રીએ મારવાડમાં અનેક લોકોને મદિરાપાન અને હિંસાના પચ્ચક્ખાણુ કરાવી જૈનધર્મની ખુબ સારી પ્રભાવના કરી હતી. રાજાઓ અને યુરોપિયન વર્ગ પણુ તેમના પરિચયથી તેમની પ્રત્યે આકર્ષાઇ તેમના ગુણુને અનુમોદતો હતો.

આવા પ્રસિદ્ધ એક યોગી પુરૂષની જૈન સમાજને ખોટ પડી છે.

# ત્રણવસ્તુનો અજબ ચમત્કાર ! !

લેખકઃ—કવિરાજ બાલચંદ્ર એમ. પંડિત.

( ગતાંક-પૃષ્ઠ ૨૨૫થી અનુસંધાન )

(૧૬) હંમેશાં ત્યજવા લાયક ત્રણ છે—મશ્કરી, નિંદા અને ગરીબની સતામણી.

(૧૭) પરદેશમાં સુખી થવાનાં ત્રણ લક્ષણ છે—સદાચરણ, સચ્ચાઇ અને સ્નેહ.

(૧૮) દ્રવ્યને લાવનારાં ત્રણ છે—પ્રમાણિકતા, પુરૂષાર્થ અને પ્રચાર.

(૧૯) દ્રવ્યનો નાશ કરનારાં ત્રણ છે—મિથ્યાભિમાન, મોજશોખ અને મૂર્ખાઇ.

(૨૦) પ્યાર ઉપજાવનારાં ત્રણ છે—પ્રેમ, પવિત્રતા અને પરોપકાર.

(૨૧) ધિક્કાર ઉપજાવનારાં ત્રણ છે—અભિમાન, અનીતિ અને અત્યાચાર.

(૨૨) વૃદ્ધિ પમાડનારાં ત્રણ છે—દેશાટનથી ડહાપણ, કસરતથી બળ અને વિવેકથી માન.

(૨૩) રોકડીઆં ત્રણ છે—વૈદ, વેશ્યા, અને વકીલ.

(૨૪) નિર્દોષોને ગરદન મારનાર ત્રણ છે—પટેલ [ગામનો કે નાતનો આગેવાન], પાડો અને પારધિ.

(૨૫) બીજાયાથી ભૂંડા ત્રણ છે—રાજા, વાજાં અને વાંદરાં.

(૨૬) તત્કાલ મૂંડનારાં ત્રણ છે—ઘાંયજો, ગુંસાઇ અને ગુણિકા.

(૨૭) તત્કાલ ત્યાગ કરવા લાયક ત્રણ છે—કુલટાસ્ત્રિ, કુમિત્ર અને કપટી.

(૨૮) મીઠી નિંદ્રા આપનાર ત્રણ છે—સુસંતાન, સંપ અને શાંતિ.

(૨૯) સુખના પ્રકાર ત્રણ છે—સંતોષ, સત્સંગ અને સુદેવ સુગુરૂ તેમજ સુધર્મની સેવા.

(૩૦) દુઃખના પ્રકાર ત્રણ છે—આધિ, વ્યાધિ અને ઉપાધિ.

(૩૧) ધર્મના પ્રકાર ત્રણ છે—દયા, દાન અને દીનતા.

(૩૨) ગુણના પ્રકાર ત્રણ છે—સત્વગુણ, રજોગુણ અને તમોગુણ.

(૩૩) જીંદગીના તબક્કા ત્રણ છે—બાળપણ, યુવાની અને ઘડપણ.

(૩૪) બીમારી લાવનાર ત્રણ છે—આળસ, અસ્વચ્છતા અને અનિયમિત ખોરાક.

(૩૫) ત્રણનો તાબડતોબ નાશ થાય છે—સાદો ખોરાક ખાવાથી રોગનો, કુસંપથી લક્ષ્મીનો અને લડાઈથી જાનમાલનો.

(૩૬) ત્રણની દવા મલતી નથી—વહેમ, સ્વભાવ અને ઘડપણ.

(૩૭) ત્રણથી ત્રણનો નાશ થાય છે—કૃપણતાથી કીર્તિનો, ચિંતાથી રૂપનો અને **કુસંપથી ધર્મનો.**

(૩૮) મિત્રતાનાં મૂળીયાં ત્રણ છે—મલતો સ્વભાવ, સ્નેહ અને સત્કાર.

(૩૯) આત્માની અધોગતિ કરનાર ત્રણ છે-માન, માયા અને મમ્મત.

(૪૦) આત્માનો ઉદ્ધાર કરનાર ત્રણ છે—ત્યાગ, વૈરાગ્ય અને તપ.

# વર્તમાન સમાચાર.

## વીસનગરમાં પર્વારાધન

પરમપૂજ્ય આચાર્ય વિજયહર્ષસૂરીશ્વરજીના અધ્યક્ષપણાએ પર્યૂષણપર્વ ઉજવાયાં હતાં. સ્વપ્ન અને પારણાદિકની બોલીનો ચઢાવો ૫૫૦ મણનો રૂ. ૭૭૫) સાધારણ ટીપના થયા હતા તેમાં ચિતોડ સાધારણ આઠઆની અને બીજી બહારની ટીપ માટે ચાર આની અને ગામ માટે ચાર આની તેમ વ્યવસ્થા કરવામાં આવી હતી. વર્ધમાન તપની ટીપમાં રૂ. ૪૭૫ થયા હતા. શેઠ ચીમનલાલ ગોકળદાસે મહાવીર જન્મ વાંચનના દીવસે શ્રીફળની પ્રભાવના કરી હતી અને ભા. સુ. ૭ પ્રભુ પારણાનો વરઘોડો ચડાવ્યો હતો. ને તે દીવસે એક ગૃહસ્થ તરફથી નોકારશી થઇ હતી અને ભા. સુ. ૫ ના પારણાના દીવસે શેઠ મંગળદાસ લલ્લુભાઇ તથા દશાશ્રીમાળી ન્યાત તરફથી નોકારશી થઇ હતી.

## ચિતોડ જીર્ણોદ્ધાર ફંડ—

વિસનગરના જૈનસંઘ તરફથી પરમ પૂજ્ય આચાર્ય વિજયહર્ષસૂરીશ્વરજીના ઉપદેશથી રૂ. ૪૦૦) ચિતોડ જીર્ણોદ્ધાર માટે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીમાં ભરાવવામાં આવ્યા તે.

## અમરેલીમાં પર્યૂષણ પર્વારાધન—

મુનિશ્રી મનહરવિજયજીએ ચાલુ વરસી તપમાં ૧૬ ઉપવાસ કર્યા હતા તથા જયાનંદવિજયજીએ અઠ્ઠાઇ કરી હતી તે નિમિત્તે ઓચ્છવ થઈ ગયો છે. પર્યૂષણ પર્વની આરાધના સારી થઈ હતી.

## રાંદેરના વર્તમાન—

પર્યુષણ પર્વ દરમ્યાન ૬૪ પ્રહરના પૌષધ માટે આચાર્યશ્રી કલ્યાણસૂરિજીએ સૂચન કર્યું હતું. તપશ્ચર્યામાં લોકોનો ઉત્સાહ અનેરો હતો, સુપન વિગેરેના ઘીએ તો રાંદેરના પહેલાંના ઇતિહાસનો રેકર્ડ તોડયો છે. મહાવીર પ્રભુનું પારણું ભાઈ છોટાલાલ લલ્લુભાઇએ ૬૫ મણ ઘી બોલીને પોતાને ઘેર પધરાવ્યું. બ્હેન વસુમતી ભીખાભાઈએ ૫૦ મણ ઘી બોલી પારણું ઝુલાવ્યું. જ્યારે શાહ રતીલાલ ચુનીલાલના ધર્મપત્ની બ્હેન રમણ બ્હેને ૫૧ મણ ઘી બોલી ચૌદ સુપન ઝીલ્યા. શેઠ ભીખાભાઈ ધરમચંદ તથા તેમની સુપુત્રી બ્હેન વસુમતીએ અઠ્ઠાઈ કરી હતી જ્યારે એમના ધર્મપત્ની બ્હેન નન્દનબ્હેને ૧૦ ઉપવાસ કર્યા હતા. દીવાળીબ્હેને ૧૬ ઉપવાસ કર્યા હતા.

શ્રાવણ વદ ૧૨; લગભગ ૩૦ ભાઈઓએ ચોસઠ પ્રહરના પૌષધ કર્યા હતા. તથા વ્યખ્યાનમાં આચાર્યશ્રીએ ત્રણ પ્રકારના પચ્ચક્ખાણ કરાવ્યા.

(૧) અષ્ટાહ્નિકા પર્વ દરમ્યાન બ્રહ્મચર્યનું પાલન.

(૨) પર્યુષણ દરમિયાન દરેકે દરેક ભાઇઓએ દુકાનો બંધ રાખવી.

(૩) લીલોતરીનો સદંતર ત્યાગ કરવો.

ઉપર મુજબની પ્રતિજ્ઞા લગભગ દરેક ભાઇઓએ લીધી હતી. અત્રે એ ધ્યાન રાખવું જરૂરી થઇ પડશે કે પહેલાં

કદી પણ અત્રે પર્યુષણ પર્વ દરમ્યાન આ પ્રમાણે દુકાનો બંધ રહી નથી.

શ્રાવણ વદ ૧૩ આજરોજ પુસ્તકનું ઘી બોલાતાં ૫૦ મણે સ્વ. શેઠ ચુનીલાલ ઉત્તમચંદની વીધવા બ્હેન ચંચળ બ્હેનને આદેશ આપવામાં આવ્યો હતો.

બપોરના ૧૨-૩૦ કલાકે કુંભસ્થાપના કરવામાં આવી હતી જ્યારે બપોરે પૂજા ભણાવવામાં આવી હતી.

શ્રાવણ વદ ૧૪, દરેકની ઇચ્છા પારણું પોતાને ત્યાં લાવવાની હતી. ૬૫ મણ ઘી બોલી શેઠ છોટાલાલ લલ્લુભાઇએ પારણું પોતાને ત્યાં પધરાવ્યું. બપોરના બ્હેન ચંચળને ઘેર પુસ્તક લઈ જવામાં આવ્યું.

શ્રાવણ વદ ૧૫, બેઠક સહિત પુસ્તકનો એક ભવ્ય વરઘોડો ચંચળ બ્હેનને ઘેરથી બપોરના કાઢવામાં આવ્યો હતો.

ભાદરવા સુદ ૧, પારણા સિવાય લગભગ ૧૪૦ મણ ઘી થયું. મહાવીર પ્રભુનો જન્મ વંચાયા બાદ એક વરઘોડો ધર્મશાળાએથી કાઢવામાં આવ્યો હતો. ત્રણ સાંબેલા કરવામાં આવ્યા હતા. બેન્ડ સહિત વરઘોડો સુંદર અને ભવ્ય લાગતો હતો. શહેરના જાણીતા લત્તામાંથી પસાર થઇ વરઘોડો શેઠ છોટાલાલ લલ્લુભાઇને ઘેર આવ્યો. એમની ધર્મપત્ની બ્હેન ઈન્દુબ્હેને જેમણે અઠ્ઠાઇ કરી હતી તેમણે ક્રિયા કરી પારણું ઘરમાં પધરાવ્યું. રાત્રે ભાઈઓનો રાત્રિ જગો રાખવામાં આવ્યો હતો.

આજરોજ વ્યાખ્યાન હોલમાં કબુતરની જુવાર માટે ટીપ શરૂ કરતાં જોતજોતામાં લગભગ રૂા. ૧૨૦૦ ભરાયા.

ભાદરવા સુદ ૨, અત્રે મોટા પ્રમાણમાં તપશ્ચર્યા થયેલ હોઈ બધા લોકોની ઇચ્છા અઠ્ઠાઈ ઓચ્છવ કરવાની તથા શાંતિસ્નાત્ર ભણાવવાની હતી તે અંગે વ્યાખ્યાનમાં જાણ થતાં ૧૬ પૂજાઓ જુદી જુદી વ્યક્તિઓ તરફથી નોંધવામાં આવી. શાંતિસ્નાત્ર શેઠ ભીખાભાઇ ધરમચંદ તરફથી ભણાવવાનું નક્કી થયું.

ભાદરવા સુદ ૩, આજરોજ સંવત્સરીને દિને બારસા સૂત્ર બતાવવાનું ઘી બોલાતાં ભાઇઓને ૬ાા મણ ઘીએ અને બ્હેનોને ૫ મણ ઘીએ આદેશ આપવામાં આવ્યો.

શેઠ નગીનચંદ નાનચંદદાસને ત્યાં ત્યાં બ્હેન રમણ તથા બ્હેન શાંતાએ અઠ્ઠાઈ કરેલ હોઇ તે નિમિત્તે રાત્રે બ્હેનોનો રાત્રી જગો રાખવામાં આવ્યો હતો.

ભાદરવા સુદ ૪, આજરોજ સવારે બરાબર નવ કલાકે આચાર્યશ્રીએ બારસા સૂત્રનું વાંચન શરૂ કર્યું. લગભગ બે કલાકમાં વાંચન પુરૂં થયા બાદ કેસર સુખડની ટીપ શરૂ કરતાં એમાં સારી જેવી રકમ ભરાઇ હતી.

પર્યુષણ પર્વ દરમીયાન ઘીની જે કાંઈ આવક થઇ હોય તે પારસનાથ પ્રભુના દહેરાસરના જીર્ણોદ્ધારમાં વાપરવી એવી રીતનું સૂચન આચાર્યશ્રીએ સંઘ સમસ્ત કરતાં તે વાતને બધાએ સહર્ષ વધાવી લીધી.

ભાદરવા સુદ પાંચમ, આજરોજ બપોરના આદીશ્વર ભગવાનના દહેરાસરે સત્તરભેદી પૂજા ભાઇ શ્રી મણીભાઇ નવલચંદ તરફથી ભણાવવામાં આવી હતી રાત્રે શેઠ નગીનચંદ નાનચંદને ઘેર બ્હેનોને રાત્રી જગો રાખવામાં આવી હતી.

ભાદરવા સુદ ૬ થી ૧૩ સુધી આઠ દીવસનો ઓચ્છવ રાખવામાં આવ્યો હતો. છઠ્ઠને દિવસે કુંભસ્થાપના, અગીયારસે જલયાત્રાનો વરઘોડો, બારસે નવગ્રહ પૂજન અને તેરસે શાંતિ સ્નાત્ર ભણાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું તે મુજબ થયું હતું.

ભાદરવા સુદ ૧૧ ના દીવસે ખુબજ ધામધુમ પૂર્વક જગદ્‌ગુરૂ હીરસૂરિજીની જયંતિ આચાર્ય વિજય કલ્યાણસૂરિના અધ્યક્ષ ઉજવાઇ હતી.

સુરત હરિપરેથી લગભગ ૪૦૦ માણુસનો સંઘ રાંદેર ખામણા ખામવા માટે આવ્યો હતો. હરિપરાના જૈનન સંઘમાં ઘણા વખતથી ચાલતો કુસંપ દૂર કરવા તેજ સંઘની અમુક વ્યક્તિ તરફથી આચાર્યશ્રીને રાંદેરના વ્યાખ્યાન હોલમાં વિનંતિ કરવામાં આવી. આચાર્ય મહારાજશ્રી જે કાંઇ ચૂકાદો આપે તે અમારે કબુલ મંજુર છે એવી રીતનું લખાણ કરી તેની ઉપર સંઘના અગ્રગણ્ય વ્યક્તિઓએ સહિઓ કરી બદલામાં આચાર્ય મહારાજ વિજય કલ્યાણસૂરીશ્વરજીએ એકાદ અઠવાડીયા માટે સુરત હરિપરે જવું અને ત્યાંના સંઘનો કુસંપ દૂર કરવો તે નક્કી થયું.

**જગદ્‌ગુરૂની પુણ્ય સ્મૃતિ.**

અત્રે ભાદરવા સુદ ૧૧ ના રોજ વ્યાખ્યાનમાં પૂ. હેમેન્દ્રસાગરજી મહારાજે કવિ ઋષભદાસ કૃત વિજયહીરસૂરિ રાસ ઉપરથી દરેક વિષય ઉપર વિવેચન કર્યું હતું. પૂજા પચ્ચખાણ વગેરે ધાર્મિક કાર્યો સારાં થયાં હતાં.

**તાવના ઉપચાર માટે**

શ્રીનીતિવિજય જૈન સેવા સમાજ તરફથી **મેલેરીયાના તાવ** માટે મિક્ષ્ચર તથા ગોળીઓ વગર કિંમતે આપવાની વ્યવસ્થા કરી છે, તો જે ભાઇઓને જરૂર હોય તેમને નીચેના સરનામે રૂબરૂ મલવું અગર પત્રવ્યવહાર કરવાથી યોગ્ય બંદોબસ્ત કરવામાં આવશે. લી. મંત્રી.

સરનામું.
પિતાંબરદાસ મગનલાલ (મંત્રી)
શ્રીનીતિવિજય જૈન સેવા સમાજ
શામળાની પોળ
- **અમદાવાદ.**

**બંગાળ રાહત ફંડ**

શ્રી નીતિવિજય જૈન સેવાસમાજ તરફથી પર્યુષણ પર્વમાં શામળાની પોળના તપગચ્છના ઉપાશ્રયે બંગાળ રાહતફંડ ઉઘરાવવામાં આવ્યું હતું. તેમાં રૂા. ૭૦પાા જેવી સારી રકમ મેળવી શક્યા હતા. તે રકમ તા. ૨૩–૯–૪૩ ના રોજ અમદાવાદ રાહત સમિતિમાં ભર્યા છે.

**રાધનપુરમાં ધર્મ પ્રભાવના—**

રાધનપુરમાં થએલી પર્યુષણ પર્વની અમોઘ આરાધના, આત્મભાવમાં રક્ત થએલ મુનિમહારાજશ્રી જયાનંદ વિજયજીની બે માસની ઉગ્ર તપસ્યા.

પરમપૂજ્ય ઉપાધ્યાય શ્રી દયાવિજયજી મહારાજ પોતાના વિદ્વાન્ મુનિવરો સાથે સાગરગચ્છના ઉપાશ્રયે ચાતુર્માસ રહેલા છે.

પન્યાસજી મહારાજશ્રી સંપતવિજયજી મહારાજના વિદ્વાન્ શિષ્યરત્ન મુનિમહારાજશ્રી ચરણુ વિજયજીના સુમધુર અને સચોટ વ્યાખ્યાનોથી જનતા ધર્મમાં નિમગ્ન થઇ છે.

સાગરગચ્છના ઉપાશ્રયે ચૌદ પૂર્વનાં અને વિજેગચ્છના ઉપાશ્રયે થએલ નવપદનાં એકાસણુામાં અનુક્રમે ૨૨૫ અને ૨૦૦ ભાઇ બ્હેનોએ ભાગ લીધો હતો. અને તપસ્યાની પૂર્ણુહુતિમાં બન્ને જગ્યાએથી મહાન્ વરઘોડા નીકળ્યા હતા. અને પૂજાઓ ભણાવવામાં આવી હતી.

આચાર્ય શ્રી વિજયનીતિસૂરીશ્વરજી મહારાજના શિષ્ય તપસ્વી મુનિ શ્રી જયાનંદવિજયજીએ સાઠ દિવસના ઉપવાસ કરી સેંકડો વર્ષોનો રેકોર્ડ તોડી નાખ્યો છે. તેમના સાઠ દિવસના ઉપવાસનું પારણું બહુજ શાન્તિ પૂર્વક થઈ ગયું છે. મુનિ મહારાજશ્રીની તબીયત સારી છે. જાણીતા વ્યાખ્યાનકાર મુનિ મહારાજશ્રી ચરણુવિજયજી મહારાજે પણ સોલ ઉપવાસ કર્યા હતા. તે ઉપરાંત મુનિમહારાજશ્રી ભૂવનવિજયજી મહારાજે ૧૧ ઉપવાસ કયા હતા. અને પન્યાસજી લાભવિજયજી મહારાજે ૮ ઉપવાસ કર્યા હતા. તથા ૪૦ ભાઈ બ્હેનોએ ૮ ઉપવાસ કર્યા હતા. તપસ્યાનિમિત્તે રાત્રિજાગરણુ કરવામાં આવ્યાં હતાં અને કોઠારી બાપુલાલ જીતમલ તરફથી પેંડાની પ્રભાવના કરવામાં આવી હતી.

સાગરગચ્છના ઉપાશ્રયે થએલ તપશ્ચર્યાની ઉજવણી નિમિત્તે એક ફંડ એકઠું કરવામાં આવ્યુ હતું. જેમાં ૧૨૦૦) રૂપીઆ ઉપરાંત રકમ ભરાઇ છે. અને ભાદરવા સુદ ૧૩ થી સાગરગચ્છના ઉપાશ્રયે સમવસરણુની રચના કરી મહાન દબદબા ભર્યા દેખાવ સાથે અષ્ટાહ્નિકા મહોત્સવનો આરંભ થયો છે. આઠે દિવસ ભારે પૂજાઓ રાખવામાં આવી છે. અને પ્રભાવના નિયમિત થાય છે.

જૈનશાળાના ઉપાશ્રયે વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજના શિષ્ય પન્યાસજી સુમતિવિજયજી મહારાજશ્રી દસ દિવસની બિમારી ભોગવી બહુ જ શાન્તિપૂર્વક કાળધર્મ પામ્યા છે, તેઓ એક તપસ્વિ હતા. પન્યાસજી મહારાજશ્રીના કાળધર્મ નિમિત્તે ખરડો થયો હતો. જેમાં રૂપીઆ સોળસો ભરાયા છે, અને આસો સુદ તેરસથી અષ્ટોત્તરીપૂજાની ઉજવણી કરવામાં આવનાર છે.

રાધનપુર આજે આવી ઉગ્ર તપસ્યાઓ અને ધાર્મિક ઉજવણીઓથી દુનિયાના અનિષ્ટ વાતાવરણોથી તદ્દન પર છે.

બંગાળ સંકટ નિવારણુ માટે પણુ ફંડમાં ફાળો ચાલુ થઇ ગયો છે.

**અમલનેરમાં થયેલ શ્રીપર્યૂષણા પર્વની આરાધના—**

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ મ્હેસાણા તરફથી સાલડીવાલા ભાઈ મંગલદાસ કંકુચંદ તથા કચ્છ માંડવીવાળા ભાઇ

ક્રાન્તિલાલ મહાદેવભાઇ અત્રે પધાર્યાં હતા. જેઓએ શ્રી પર્યૂષણા પર્વની આરાધના સારી રીતે કરાવી છે. તેમજ અઠ્ઠાઇ ઘરનું કલ્પસુત્ર બાલવબોધ વાંચન કરી સંભળાવેલ છે. તથા ઉભય ટંકના પ્રતિક્રમણુ પૌષધાદિ અનુષ્ઠાનો તથા શ્રી સંવત્સરી પ્રતિક્રમણુ સારી રીતે કરાવેલ છે જે સર્વે કૃત્યો થવા દ્વારા શ્રી પર્યૂષણા પર્વની આરાધના રૂડી રીતે નિર્વિઘ્ને પૂર્ણ થયેલ છે. ને સૌ કોઇએ પરસ્પર ખમાવેલ છે.

**પ્રતાપગઢ—**

પર્યુષણમાં પૌષધાદિ ઠીક પ્રમાણમાં થયા હતા. અને પોષાતીને રૂપીઆની અને તાસકની પ્રભાવના થઇ હતી.

**સુરતપર્યુષણપર્વારાધના (હરીપુરા)**

પૂ. પં. વિદ્યાવિજયજી ગણિવરની અધ્યક્ષતાએ પ્રભાવના પૂર્ણ રીતે પર્યુષણપર્વનું આરાધન થયું હતું. તપસ્યા પૂજા, પ્રભાવના ચિતોડ જીર્ણોદ્ધારની ટીપ વિગેરે સારા પ્રમાણમાં થયું હતું.

પંન્યાસજી મહારાજના શિષ્ય પ્રકાશવિજયજી તથા પ્રેમવિજયજી સંઘની આગ્રહભરી વિનંતિને લઇ નવાપુરા પધાર્યાં હતા ત્યાં પણ ચિતોડ જીર્ણોદ્ધારની અને જીવદયા વિગેરેની ટીપ સારી થઇ હતી.

**સહાય.**

વિદ્વદ્વર્ય શ્રીમાન્ આચાર્ય મહારાજ શ્રીવિજયોદયસૂરિશ્વરજીના સદુપદેશથી શામળાની પોળ તપગચ્છ ઉપાશ્રય તરફથી શ્રી જૈનધર્મ વિકાસને સહાય તરીકે રૂ. ૧૫) હા. શેઠ કચરાભાઈ હઠીસીંગ દ્વારા મળ્યા છે.

**સુરત (હરિપુરા)**

જગદ્ગુરૂ વિજયહીરસૂરીશ્વરજી મહારાજની જયંતિ પં. વિદ્યાવિજયજીના પ્રમુખપણા નીચે ઉજવવામાં આવી હતી. પ્રથમ પં. મહારાજે મંગળાચરણ કર્યું, ત્યારબાદ બાળિકાઓએ નમો નમો શાસનદીપક હીરનું ગીત ગાયું. ત્યારબાદ પન્યાસજી મહારાજે જગદ્ગુરૂ હીરસૂરીજીનો સાદ્યંત જીવનપ્રસંગ બહુજ આકર્ષક રીતે કહી બતાવ્યો હતો. વચ્ચે વર્તમાનમાં સમાજમાં વર્તતા ક્લેશ સંબંધી પણ કહ્યું હતું.

**કચ્છ માંડવીમાં મહોત્સવ.**

અત્રે બીરાજતા સુપ્રસિદ્ધ તપસ્વી મુનિ શ્રી શુભવિજયજીએ કરેલ ૩૫ આયંબિલો ઉપર ૧૬ ઉપવાસની ઉગ્ર તપસ્યા નિમિત્તે, કોચીનવાળા જાણીતા ધનવીર સ્વ. શેઠ જીવરાજ ધનજીના ધર્મપત્ની શ્રીમતી હીરૂબાઇ તરફથી શ્રી શાન્તિસ્નાત્ર મહોત્સવ ભાદરવા સુદ ૮ થી ૧૫ સુધી ઉજવાયો હતો.

સુદ ૧૦ ના રોજ કુંભસ્થાપના તથા ૧૨ ના રોજ નવગ્રહ પૂજન તથા જળયાત્રાનો એક શાનદાર વરઘોડો કાઢવામાં આવ્યો હતો. સુદ ૧૩ના રોજ રવિવારે શાન્તિસ્નાત્રની ક્રિયા બાદ પુનમના રોજ આ દબદબા ભરેલા મહોત્સવની પૂર્ણાહુતિ થઈ હતી.

માંડવી તથા આજુબાજુના ગામોના સેંકડો સ્ત્રી-પુરૂષોએ આ મહોત્સવમાં પ્રભુભક્તિ તથા ગુરૂ દર્શનનો લાભ લીધો હતો. દરરોજ રાત્રે ભાવનાઓ, બાળકોના રાસદાંડીઆ વિગેરેના ભરચક કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા.

ખાસ કરી, શ્રીમતિ હીરૂબાઇનાં પ્રતિનિધિ અને જાણીતા જૈન કાર્યકર તેમજ કુશળ વેપારી આગેવાન શ્રી. મણિલાલ દેવજીની આ મહોત્સવ પ્રસંગેની સેવાઓ ખુબ પ્રશંસનીય હતી.

જાણીતા ભાટીયા ગૃહસ્થ અને પ્રતિષ્ઠિત નાગરિક શ્રી. ચત્રભુજ મનકર્મી, કે જેઓ મહારાજશ્રીની તપશ્ચયા નીમિત્તે દર્શને પધાર્યા હતા, તેમણે તે પ્રસંગની શુભ યાદમાં રૂા. ૧૦૦૧) ગરીબોને અનાજ આપવા માટે અને રૂા. ૧૦૧) ગાયોના ચરા માટે આપ્યા છે.

**પૂ. આચાર્યશ્રી કલ્યાણસૂરિના હસ્તે થયેલી સુરત હરિપુરા સંઘમાં એકતા—**

સુરત હરીપુરાના સંઘે આચાર્યશ્રી વિજય કલ્યાણસૂરીજી મહારાજને વિજ્ઞપ્તિ કરતાં ભાદરવા વદ ૩ ના રોજ આચાર્યશ્રી રાંદેરથી નીકળી સુરત હરીપુરા આવતાં સેંકડો નર-નારીઓના સમૂહ સાથે સ્વયંસેવકમંડળના બેન્ડ સાથે પધાર્યા હતા. અહર્નિશ વ્યાખ્યાનમાં સેંકડોની માનવમેદની ભરાયે જતી હતી. આચાર્ય મહારાજે વદ ૧૧ સુધી સ્થિરતા કરી હતી. કેટલાક વખતથી સંઘમાં રહેલો કુસંપ તેને નાબુદ કરી આચાર્યશ્રીના પ્રતાપે સંઘમાં સંપનો જયધ્વનિ પ્રસર્યો હતો. આ પ્રતાપ આચાર્યશ્રી તથા પન્યાસશ્રી વિદ્યાવિજયજી મહારાજનો હતો. સંઘમાં થયેલા એકતા નિમિત્તે કતાર ગામ ભાદરવા વદ ૧૦ના રોજ નવ્વાણુ પ્રકારની પૂજા, આંગી તથા સ્વામિભક્તિ કરવામાં આવ્યાં હતાં તેમજ વદ ૧૧ ના રોજ લાઇસન્સમાં બારવ્રતની પૂજા તેમજ આંગી અને સ્વામિભક્તિ કરાવવામાં આવી હતી ભાદરવા વદ ૫ થી ૯ સુધીનો શીતળનાથના દેરાસરમાં ઓચ્છવ કરવામાં આવ્યો હતો હમેશાં વિવિધ પૂજાઓ તથા આંગીઓ રચવામાં આવતી હતી. તેમજ રાત્રે ભાવના પણ બેસતી હતી. આચાર્યશ્રી સુરત હરીપુરામાં એકયતા સંઘમાં સ્થાપી વદ ૧૧ ની સાંજરે રાંદેર પધાર્યા હતા.

**અમરેલી—**(કાઠીયાવાડ)

અહિં પર્યુષણ પર્વની આરાધના ખુબ સારીરીતે થઇ હતી. ભા. સુ. ૧૪ રોજ સ્વ. આચાર્ય કવિજયધર્મસૂરિજીની જયંતિ ઉજવવામાં આવી હતી. મુનિશ્રી જયંતવિજયજી આદિ મહારાજો અને વક્તાઓએ ભાષણો કર્યાં હતાં.

**ચાન્દ્રાઇમાં મર્મ ઉદ્યોત—**

ચાન્દ્રાઇ નગરમાં પંન્યાસ શ્રીહિંમતવિમળજી ગણિવર; તથા શાન્તિવિમળજી ગણિવર તથા વિદ્યાપ્રેમી મુનિરાજ રત્નવિમળજી મહારાજ આદિ ચાતુર્માસ રહ્યા છે.

અનુસંધાન ટાઇટલ પૃ. ૩

મુદ્રક-હીરાલાલ દેવચંદ શાહ. "શારદા મુદ્રણાલય." જુમામસ્જીદ સામે-અમદાવાદ.
પ્રકાશક-ભોગીલાલ સાંકળચંદ શેઠ. "જૈનધર્મ વિકાસ" ઓફિસ જૈનાચાર્ય વિજયનીતિસૂરીશ્વરજી વાંચનાલય. ૫૬/૧ ગાંધીરોડ-અમદાવાદ.

પર્યુષણમાં ચડાવાની આમદાની ૮૦૦૧) તથા જીવદયા અને જીર્ણોદ્ધાર માં રૂ. ૨૫૦) બંગાળ રાહત ફંડમાં રૂ. ૧૦૦) થયા હતા. ૨૧ ઉપવાસ અઠ્ઠાઈ વિગેરે સારી તપશ્ચર્યા થઇ હતી પં. અમૃતવિજયજી ગણિની જયંતિ બહુ ધામધૂમ પૂર્વક થઇ હતી અને અઠ્ઠાઇ મહોત્સવ થયો હતો.

**અમદાવાદ** ( શામળાની પોળ)

બાલ બ્રહ્મચારી શ્રી જૈન તીર્થોદ્ધારક આ. વિજયનીતિસૂરીજીના વિદ્વાન શિષ્યરત્ન આ. દેવેશ શ્રી વિજયોદયસૂરીશ્વરજી તથા પૂ. પં. મનોહર વિજયજી તથા ભાસ્કર વિ. તથા નિપુણ વિ. અત્રે બિરાજમાન છે. તેઓશ્રીની છત્ર છાયામાં અત્રે શામળાની પોળમાં તેઓશ્રીના ઉપદેશથી શ્રી સંઘ તરફથી ૭૦) ની સંખ્યામાં ચૌદપૂર્વ તપ થયો હતો. અને વ્રતધારીઓને દૂધપાક, લાડુ વિગેરેનાં ભાણાં અપાયાં હતાં તેમજ રૂપાનાણું તથા શ્રીફળની પ્રભાવના સારા પ્રમાણમાં થઈ હતી તેમાં શેઠ ચીમનલાલ ધોળીદાસ તરફથી પૂજા, દૂધપાકનું ભાણું તથા રાત્રિજગો કરાવવામાં આવ્યો હતો. તેમજ શ્રાવણ વદી ૪ થી શેઠશ્રી ભોગીલાલ ચુનીલાલ તરફથી અક્ષયનિધિ તપ શરૂ કરાવવામાં આવ્યો હતો. તેમાં ૨૫૨)ની સંખ્યાએ લાભ લીધો હતો તેમાં ૭૫) પુરુષ વર્ગ હતો. અને તે તપમાં દૂધપાક લાડુ, મેસુબ, ચુરમુ, વિ. નાં ભાણાં આપવામાં આવ્યાં હતાં. શા. કચરાભાઈ હઠીસીંગ તથા લાલભાઈ જોઈતારામ તથા પુલચંદ રતનચંદ તરફથી રૂપાનાણાની પ્રભાવના થઈ હતી. તથા સંઘ તરફથી ચાંદીની વાટકીઓ આશરે તો. ૨)ની વહેંચવામાં આવી હતી. આ બન્ને તપમાં શેઠશ્રી ભોગીલાલ ચુનીલાલ તથા કચરાભાઇ વખતચંદે ઉત્સાહ પૂર્વક આગેવાનીભર્યો ભાગ ભજવ્યો હતો. અને તપને સુંદરરીતે દીપાવવા તનતોડ મહેનત કરી હતી જ્ઞાનપૂજા સુપન તેમજ વરઘોડાની ઉપજ રૂા. ૬૦૦૦) થઈ હતી. ચિતોડના જીર્ણોદ્ધાર માટે રૂા. ૧૫૦૦) આપવા નક્કી થયેલ છે. અક્ષયનિધિ તપની પૂર્ણાહૂતી નિમિત્તે શ્રીમાન્ શેઠશ્રી ભોગીલાલ ચુનીલાલ તરફથી વરઘોડો ચઢાવવામાં આવ્યો હતો તેમાં ઈન્દ્રધ્વજા બે રથ ચાંદીના પ્રભુજીના તથા હાથી, બેન્ડ વિ. ઘણીજ ધામધૂમ પૂર્વક ચઢયો હતો. રાત્રિજગાઓ તથા બૈરાંઓને ગવરાવવાનું સારા પ્રમાણમાં થયું હતું, વરઘોડામાં વ્યવસ્થા કરવાનું કામ નિતીવિજયજી જૈન સેવા સમાજે સારામાં સારી વ્યવસ્થા ગોઠવી સુંદર રીતે કર્યું હતું તથા જ્ઞાનદાન માટે આચાર્યદેવના ઉપદેશથી શેઠ શ્રી. બાલાભાઈ ગંભીરદાસની વિધવા બાઇ ચંપા તરફથી શ્રાવિકા શાળા ખોલવા માટે રૂા. ૫૦૦૦) અર્પણ કરવામાં આવ્યા છે અને તે આસો માસમાં શુભ મુહૂર્તે શરૂ થશે. પં. મનહરવિજયજી તથા નિપુણવિજયજીએ વ્રતધારીઓને ક્રિયામાં અપૂર્વ રસ રેડી રહ્યા હતા.

**जैन संस्था द्वारा जनता का उपकार—**

इस मास शहर शोपुर में ओलइंडिया-बाहुबलि धर्मार्थ जैन औषधालय ललित-पुर (झांसी) २४० दवाईयें २० औषधालय खुलगये हैं. जहां से जनताको मुफ्त में दवा दीजाती है, दवाइयां अपूर्व गुणकारी होनेके कारण रोगियोंको तत्काल लाभ पहुँचाती हैं।

किन्तु इस धर्मार्थ जैन संस्था में आमदानी कम और खर्च ज्यादा है, अस्तुः समस्त धनीमानी जैन सज्जनों से हमारी प्रार्थना है कि उपरोक्त पते पर यथा-शक्ति द्रव्य भेज कर इस पुण्य काममें यश के भागी बनें।

निवेदन—पं. जगतनारायनमिश्रा विशारद
पत्रकार व जमीदार
„ आयुर्वेदाचार्य राजवैद्य सिंघइ
सिद्धिसागर जैन प्राणाचार्य.

**પૂજ્યપાદ આચાર્ય મેઘસૂરીશ્વરજી મહારાજનો કાળધર્મ—**

પરમપૂજ્ય આચાર્ય મેઘસૂરીશ્વરજી મહારાજ તા. ૩૦–૯–૪૩ ના રોજ ત્રણ વાગે હાજાપટેલની પોળના પગથીઆના ઉપાશ્રયે કાલ ધર્મ પામ્યા છે. દરેક ઉપાશ્રયના મુનિમહારાજોએ તેઓની સાથે નિજામણા કરી હતી. અને સવારથી સારી સંખ્યામાં શ્રાવક શ્રાવિકા વર્ગ તેઓશ્રીના દર્શન માટે આવતો હતો.

કાળધર્મ પામ્યા પછી પણ મોડી રાત ગધી શ્રાંવક શ્રાવિકાનાં જુથ તેઓના દર્શન માટે આવતાં હતાં. નિયત થયા મુજબ તા. ૧–૧૦–૪૩ સવારે સાડાઆઠ વાગે જય જય નંદા જય જય ભદ્દા ના ગર્જારવ સાથે હજારો શ્રાવકોના સમુદાય પૂર્વક નિહરણ યાત્રા–સ્મશાન યાત્રા નીકળી હતી. શેઠ શ્રી કસ્તુરભાઇ લાલભાઈ સંઘવી શેઠ માણેકલાલ મનસુખભાઇ શેઠ ભગુભાઇ ચુનીલાલ સુતરીયા, શેઠ મયાભાઇ સાંકળચંદ, વિગેરે શહેરના તમામ આગેવાન પુરૂષોએ ભાગ લીધોહતો.

પૂજ્ય આચાર્ય મેઘસૂરીશ્વરજી મહારાજ સારા વિદ્વાન, શાંત, સ્થિતપ્રજ્ઞ અને આત્માર્થી હતા. અંતકાળ સુધી ખુબજ સારી શુદ્ધિપૂર્વક આરાધના પામ્યા હતા. જૈનશાસનને એક સારા આચાર્યની જરૂર ખોટ પડી છે.

પૂ. આચાર્ય વિજયમેઘસૂરિજી મહા-મહારાજ પોતે તો દીર્ઘકાળના સંયમ અને શાસ્ત્રાભ્યાસને લઈ પોતાનું તેઓ આવા પંચમકાળમાં પણ ખુબજ સાધી ગયા છે.

તંત્રી.


# તપાગચ્છ પટ્ટાવલી

## સાહિત્યરસિક જનતાને ખાસ તક

ઉપાધ્યાય શ્રીમદ્ ધર્મસાગરજી વિરચિત—

તપાગચ્છ પટ્ટાવલી:—સંપાદક, પં. શ્રી કલ્યાણવિજયજી મહારાજ.

ક્રાઉન આઠ પેજી ૩૫૦ પૃષ્ઠના, શોભિત ફોટાઓ, અને પાકુ પુંઠું (જેકેટ) સાથેના આ ગ્રંથનું મુલ્ય માત્ર રૂા. ૧–૮–૦. પોસ્ટેજ જુદું.

લખો—જૈન ધર્મ વિકાસ ઓફિસ, ૫૯૧ ગાંધી રોડ, અમદાવાદ.

બહાર પડી ચૂકેલ છે

## શબ્દરત્નમહોદધિ શબ્દકોષ ભાગ ૨ જો

સંગ્રાહક, પન્યાસજી શ્રીમુક્તિવિજયજી.

પહેલા ભાગના રૂા. ૮–૦–૦, અને બીજા ભાગના રૂા. ૧૦–૦–૦ પોસ્ટેજ જુદુ રાખવામાં આવેલ છે.

લખો.–શ્રીવિજયનીતિસુરિજી જૈન લાયબ્રેરી, ૫૯/૧ ગાંધીરોડ, અમદાવાદ.

—: સરસ્વતી પુસ્તક ભંડાર :—

હાથીખાના રતનપોળ
અમદાવાદ.

લક્ષ્મી નિવાસ, પાંજરાપોળ લેન
મુંબઇ.